RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 178* Date: 26.04.2020 * Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના સામેની લડાઇ લાંબી,લૉકડાઉન લંબાય તેવી શક્યતા

# કોરોના સંકટ હજુ બે માસ વેઠવું પડશે: સરકારનો ધડાકો

*(જી.એન.એસ)ગાંધીનગર,તા.૨૫*

શું ગુજરાતમાં કોરોના સંકટ ૪૦ દિવસના લોકડાઉન બાદ પણ હજુ બે મહિના એટલે કે જૂન મહિના સુધી ચાલશે...? શું અમદાવાદમાં ખરેખર ૫૦ હજાર કે ૮ લાખ કેસો કોરોના પોઝીટીવના નોંધાશે...? જો સરકારના ઉચ્ચ સત્તાધીશોને સાંભળવામાં આવે તો તેમાંથી એવો જ સાફ સાફ મતલબ નિકળે છે કે ગુજરાતના લોકોએ કોરોનાની લડાઇ માટે બદ્દુ બે મહિના વધુ લોકડાઉનનો સામનો કરવા તૈયાર રહેવુ પડશે. અને રાજ્યના સૌથી મોટા શહેરમાં કોરોના પોઝીટીવના કેસો ૫૦ હજારથી લઇને ૮ લાખ સુધી થવાની પૂરેપૂરી શક્યતા છે. આરોગ્ય વિભાગના મંત્રી નીતિન પટેલ દ્વારા નહીં પણ તેમના વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ આજે એવી જાહેરાત કરીને સૌને ચોંકાવી દિધા કે કોરોની લડાઇ હજુ વધુ બે મહિના ચાલશે અને લોકોએ તેના માટે તૈયાર રહેવાનું છે. તો અમદાવાદમાં ૫૦ હજાર કે ૮ લાખ કેસો થવાની શક્યતાની વાત ભાજપના મેયર બિજલ પટેલે નહીં પણ મ્યુનિ. કમિશ્નર વિજય નેહરાએ કરી છે. જેનો એક અર્થ એવો થઇ રહ્યો છે કે પ્રજાને કડવા ડોઝ પિવડાવવા માટે સરકાર અને સ્થાનિક પક્ષ અધિકારીઓને આગળ કરી રહ્યાં છે. જ્યારે પોતે આવી પ્રજાને ન ગમે એવી માહિતી આપવા માટે અધિકારીઓને આગળ ધરી રહ્યાં છે. જો અધિકારીઓની વાત સાચી હોય તો અમદાવાદ અને ગુજરાતે કોરોના મહામારીના સામના માટે વધુ જોરથી કમર કસીને બાંધવી પડે તો નવાઇ નહીં. ખાસ કરીને ૩ મે પછી પણ લોકડાઉનમાં વધારો થવાની શક્યતાનો ઈશારો અદિકારીએ કર્યો છે.

દરમ્યાનમાં, ગુજરાતમાં કોરોનાનો ચેપ પોતાનો વ્યાપ વધારી રહ્યો છે. કોરોના રાજ્યના ૩૩ જિલ્લામાંથી ૩૦ જિલ્લા સુધી પહોંચી ગયો છે. રાજ્યના ત્રણ જિલ્લા અમરેલી, જૂનાગઢ અને દેવભૂમિ દ્વારકામાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી. કોરોના અંગે અપડેટ વિગતો આપતા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું છેકે, રાજયના ૩૦ જિલ્લામાં કોરોનાનો ચેપ ફેલાયો છે. હજુ ત્રણ જિલ્લા સુધી આ ચેપ પહોંચ્યો નથી. સંક્રમણ ધીમું કેવી રીતે પડે તે જરૂરી છે. સંક્રમણ ધીમું પડે તે માટે તંત્ર એલર્ટ છે. આ લડત હજુ બે મહિના ચાલશે. લોકોએ ખૂબ સહયોગ આપ્યો છે. ગંભીર બીમારી ધરાવતા લોકોએ સાચવવાની જરૂર છે. ખોટી અફવા ફેલાવવાની જરૂર નથી અને ગભરાવવાની જરૂર નથી. દરેક વ્યક્તિ સહકાર આપશે તો જંગ ઝડપથી જીતી શકીશું.

ગૃહમંત્રાલયની મોડી રાત્રે આવેલી ગાઈડલાઈનના કારણે રાજયભરના દુકાનદારો અને શોરૂમના માલિકોમાં અસમંજસ જોવા મળી રહ્યો છે. દુકાનદારો દુકાન ખોલવી કે બંધ રાખવી તેને લઇને મૂંઝવણ અનુભવી રહ્યાં છે. કોર્પોરેશનની હદમાં અને મ્યૂનિસિપાલ્ટીની હદમાં આવેલા તમામ દુકાનદારો મૂંઝવણમાં છે. બીજી બાજુ પોલીસને પણ હજુ પૂરતી માહિતી ન હોવાથી બહાર નીકળતા દુકાનદારોને પોલીસ રોકી રહી છે. રાજકોટ ચેમ્બર ઓફ કોર્મર્સના પ્રમુખે જણાવ્યું છેકે, આજે ૧૧ વાગ્યે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં બેઠક મળશે. સરકાર જે નિર્ણય જારી કરશે તેને માન્ય રાખીને રાજકોટમાં વેપાર ઉદ્યોગ શરૂ કરવામાં આવશે.



રાજયમાં શુક્રવારે ૧૯૧ નવા પોઝિટિવ કેસ નોંધાયા હતા આ સાથે જ રાજ્યમાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૮૧૭ થઇ હતી જ્યારે વધુ ૧૫ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક ૧૨૭એ પહોંચ્યો છે. શુક્રવારે વધુ ૭ દર્દીઓ સાજા થઈ ઘરે ગયા અને આમ કુલ ૨૬૫ લોકોએ કોરોના સામે જંગ જીતી લીધો છે. શુક્રવારે સાંજની સ્થિતિએ છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં માત્ર ૧,૪૩૮ ટેસ્ટ થયા હોવાનું સરકારના આંકડાઓ પર જણાય છે. ગુરુવારે સાંજની સ્થિતિએ રાજયમાં કુલ ૪૨,૩૮૪ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.જે સંખ્યા શુક્રવારે ૪૩,૮૨૨ની જાહેર કરાઇ હતી. એટલે ૪૩,૮૨૨ માંથી ૪૨,૩૮૪ બાદ કરતાં ૧૪૩૮ ટેસ્ટ થયા હોવાનું સત્તાવાર ચિત્ર સામે આવ્યું છે. આ સાથે ગુજરાતમાં અમદાવાદના ૧૪ અને સૂરતના ૧ મળીને કુલ ૧૫ લોકો મૃત્યુ પામ્યા છે અને આ સાથે ગુજરાતમાં કુલ ૧૨૭ લોકો કોરોનાના ભોગ બન્યા છે. જ્યારે ૨૯ લોકો વેન્ટિલેટર પર છે. શુક્રવારે વધુ ૭ દર્દીઓ સાજા થઈ ઘરે ગયા અને આમ કુલ ૨૬૫ લોકોએ કોરોના સામે જંગ જીતી લીધો છે.

### લંડનમાં ઘરેલુ હિંસાના કેસમાં ચાર હજારની ધરપકડ

## કોરોનાએ વિશ્વભરમાં ૧.૯૭ લાખનો ભોગ લીધો: ઈટાલીમાં ૧૫૦ ડોકટરના મોત

ન્યૂયોર્ક,તા.૨૫

વિશ્વભરમાં કોરોનાના ૨૮.૩૨ લાખ કેસ નોંધાઈ ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૧.૯૭ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૮ લાખ ૭ હજાર લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે. ઈટાલીમાં ૧૫૦ ડોક્ટરે જીવ ગુમાવ્યા છે, જ્યારે લંડનમાં ઘરેલુ હિંસાના કેસમાં ચાર હજાર વ્યક્તિની ધરપકડ કરાઈ છે.

**જર્મનીની સ્થિતિ સુધરી રહી છે**

કોરોના સામેની લડાઈમાં જર્મનીની સ્થિતિ સુધરી રહી છે. અહીં કુલ ૧.૫૫ લાખ કેસ નોંધાયા છે. જેમાં હાલ ૩૯ હજાર ૪૩૯ જ એક્ટિવ કેસ છે. થોડા દિવસ પહેલા અહીં ૪૮ હજારથી વધારે પોઝિટિલ કેસ હતા. ૧.૧૦ લાખ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે. જર્મનીમાં ૫૭૬૦ લોકોના મોત થયા છે.

**અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૫૧ લોકોના મોત, ન્યૂયોર્કમાં કેસ ઘટ્યા**

અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૫૧ લોકોના મોત થયા છે. સૌથી વધારે પ્રભાવિત ન્યૂયોર્ક શહેરમાં શુક્રવારે ૪૨૨ લોકોના મોત થયા છે.૩૧ માર્ચ પછી પ્રથમવાર અહીં દૈનિક મૃત્યુઆંક ઓછી નોંધાયો છે. અમેરિકામાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૯.૨૫ લાખ થઈ ગઈ છે. મૃત્યુઆંક ૫૨ હજાર ૧૮૫ છે.ન્યૂયોર્કના ગવર્નર એંડ્રયુ ક્યૂમોએ કહ્યું કે રાજ્યમાં પોઝિટિવ કેસ અકલ્પનિય સ્તરે છે. જોકે સંક્રમણ ઘટી રહ્યું છે. ધીમે ધીમે દર્દીઓની સંખ્યા ઓછી થઈ રહી છે. અહીં ૧૬ હજારથી વધારે લોકોના જીવ ગયા છે.

**અમે ઘણા દેશોમાં વેન્ટિલેટર મોકલી રહ્યા છીએ: ટ્રમ્પ**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રેસ બ્રીફિંગમાં કહ્યું છે કે તેમની સરકાર દેશને ફરી ખોલવા માટે કામ કરી રહી છે. લોકોને સોશિયલ ડિસ્ટેંસિંગનું પાલન કરવાની અને સ્વચ્છતા જાળવવાની અપીલ કરી. તેમણે વધુમાં કહ્યું કે જે દેશોમાં વેન્ટિલેટરની જરૂર છે તેમને અમેરિકા મોકલી રહ્યું છે. અમારી પાસે તેની ક્ષમતા સારી છે. અમે મેક્સિકો, ઈન્ડોનેશિયા, ફ્રાન્સ, હોંડુરાસની મદદ કરી રહ્યા છીએ. સાથે ઈટાલી અને સ્પેનમાં પણ મોકલી રહ્યા છીએ. બીજી તરફ અમેરિકન ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને સંક્રમિત દર્દીઓને હાઈડ્રોક્સીક્લોરોક્વીન આપવાને લઈને ચેતવણી આપી છે. જેમાં કહેવાયું છે કે આ દવાથી દર્દીના હૃદય ઉપર ખરાબ અસર થઈ શકે છે.ટ્રમ્પે નાના વ્યવસાય, હોસ્પિટલો અને કોરોનાની તપાસની સંખ્યા વધારવા માટે ૪૮૪ અબજ ડોલરન રાહત બિલ ઉપર હસ્તાક્ષર કર્યા છે. ટ્રમ્પે કહ્યું કે નાના વ્યવસાયો અને શ્રમિકો માટે આ મોટી ભેટ છે.

**પાકિસ્તાને લોકડાઉન લંબાવ્યું**

કોરોનાના સંક્રમણના કેસમાં વધારો થતાં પાકિસ્તાને ૯ મે સુધી લોકડાઉનને વધાર્યું છે. અહીં સંક્રમણના કુલ કેસ ૧૧ હજાર ૯૪૦ નોંધાયા છે જ્યારે ૨૫૩ લોકોએ જીવ ગુમાવ્યો છે.

## પુલવામામાં સેનાનો પ્રહાર, બે આંતકી અને તેમને મદદ કરનાર ઠાર

શ્રીનગર,તા.૨૫

જમ્મુ કાશ્મીરમાં શનિવારના રોજ પુલવામા જિલ્લામાં સુરક્ષાદળો સાથેરની અથડામણમાં બે આતંકવાદીઓ તેમજ એક સાથીદારને ઠાર કરી દેવામાં આવ્યા છે. ઠાર કરાયેલા આતંકવાદીઓ ખુંખાર આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલા હોવાનું જણાયું હતું.

દક્ષિણ કાશ્મીરમાં અવંતીપોરા ખાતેના ગોરીપોરા વિસ્તારમાં સુરક્ષાકર્મીઓ એક્રાઉન્ટર હાથ ધર્યું હતું જેમાં બે આતંકવાદી તેમજ તેમના એક સાથીદારને ઠાર કરવામાં આવ્યા હતા. સુરક્ષાદળોએ સમગ્ર વિસ્તારની નાકાબંધી કરી સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

ચોક્કસ માહિતીના આધારે સુરક્ષાદળોએ અહીં સર્ચ શરૂ કર્યું હતું જેમાં આતંકવાદીઓએ ગોળિબાર કર્યો હતો અને બાદમાં સેના દ્વારા વળતો હુમલો કરવામાં આવ્યો હતો. ઉચ્ચ અધિકારીએ આપેલી માહિતી મુજબ ઠાર કરાયેલા બન્ને આતંકવાદી તેમજ એક સાગરિત કટ્ટર આતંકવાદી સંગઠનના હતા. વિસ્તારમાં તપાસ હાથ ધરી વધુ વિગતો મેળવવામાં આવી રહી છે.

## કેન્દ્રના પગલે યોગી સરકાર: કર્મચારીઓનું ડીએ સ્થગિત કર્યું

લખનૌ,તા.૨૫

કોરોના વાયરસ અને લોકડાઉનને ધ્યાનમાં રાખીને ઉત્તર પ્રદેશ સરકારે મોટો નિર્ણય લીધો છે. પ્રદેશ સરકારે પણ કેન્દ્રની જેમ પોતાના કર્મચારીઓના જાન્યુઆરીથી લાગુ કરેલા મોંઘવારી ભથ્થા અને પેન્શનરોને મોંઘવારી રાહત પર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી છે.

આ સાથે જ સરકારે ૬ જગ્યાઓની ભરતી પ્રક્રિયા પણ અટકાવી દીધી છે. યુપી સરકારે મોંઘવારી ભથ્થા(ડીએ) પર પ્રતિબંધ લગાવી દીધો છે. હવે કર્મચારીઓ અને પેન્શનરોને ડીએ પણ આપવામાં આવે. ૧ જાન્યુઆરી૨૦૨૦થી જૂન ૨૦૨૧ સુધી ડીએ બંધ રાખવામાં આવશે. આ ઉપરાંત સચિવાલયનું ભથ્થુ, પોલીસ ભથ્થુ પણ બંધ કરી દેવામાં આવશે.

### ચિંતાજનક કેસના વધારાને પગલે સરકાર ચિંતિત

## કોરોના બેકાબૂ: મુંબઈ અને પુણેમાં લોકડાઉન જૂન મહિના સુધી લંબાવાય તેવી શક્યતા

મુંબઇ,તા.૨૫

દેશમાં કોરોનાના સૌથી વધુ કેસ ધરાવતા શહેર મુંબઈમાં લોકડાઉન જૂન સુધી લંબાઈ શકે છે. મુંબઈ ઉપરાંત પુણેમાં પણ મહારાષ્ટ્ર સરકાર લોકડાઉન લંબાવવા વિચારી રહી છે. દેશમાં લોકડાઉન ૩ મેના રોજ પૂરું થઈ રહ્યું છે, પરંતુ મુંબઈ અને પુણેમાં કોરોના હજુય બેકાબુ છે. જો આવા સમયે લોકડાઉન ખોલી દેવાય તો કોરોના વધુ વકરે તેવી શક્યતા છે.

મહારાષ્ટ્ર સરકારના એક અધિકારીના જણાવ્યા અનુસાર, હાલની સ્થિતિમાં મુંબઈ તેમજ પુણેમાં લોકડાઉન ખોલવાનો કોઈ સવાલ જ નથી. ઉલ્ટાનું જે રીતે કેસો વધી રહ્યા છે, તેને જોતાં નિયંત્રણો હજુય કડક કરવાની જરુર છે. આ સંજોગોમાં લોકલ ટ્રેનો, બસો, દુકાનો અને કંપનીઓના કામકાજ પર જુન સુધી નિયંત્રણ રહી શકે છે.

મુંબઈ અને પુણે મહારાષ્ટ્રના આર્થિક ગતિવિધિના સૌથી મોટા કેન્દ્ર છે. એક તરફ મહારાષ્ટ્ર સરકાર પર આર્થિક ગતિવિધિઓને ફરી શરુ કરવાનું દબાણ છે, ત્યારે આ બંને શહેરોમાં હાલ લોકડાઉન ઉઠાવી શકાય તેવી સ્થિતિ નથી. તેવામાં સરકાર શું પગલાં લે છે તેના પર સૌની નજર છે.શુક્રવાર સુધીમાં મુંબઈમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા વધીને ૪,૫૮૯ થઈ ગઈ હતી, અને શહેરમાં રોજના ૨૦૦ જેટલા નવા કેસ નોંધાઈ રહ્યા છે. પુણે મેટ્રોપોલિટન રિજનમાં પણ કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. ગુરુવારે અહીં ૧૦૪ નવા પેશન્ટ ઉમેરાયા હતા. પુણેમાં કેટલાક વિસ્તારોમાં લોકડાઉન હાલમાં જ વધુ સખ્ત બનાવાયું છે, અને લોકોને જરુરી વસ્તુ ખરીદવા રોજના બે કલાક જ છૂટ અપાઈ રહી છે.

મુંબઈમાં હાલ ૯૮૩ કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કરાયા છે. જેમાંના અડધોઅડધ ઝૂંપડપટ્ટી વિસ્તારના છે. મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ નવા કેસ જોવા મળી રહ્યા છે. નાશિકના માલેગાંવમાં ૧૦૦થી વધુ કેસ થઈ ચૂક્યા છે, અને નાગપુરમાં પણ અત્યારસુધીનો આંકડો ૧૦૦ને પાર થઈ ચૂક્યો છે.

## કોરોનાના કહેર વચ્ચે ઇસરોએ પ્રૌદ્યોગિકી વિકસિત કરવા પ્રસ્તાવ માંગ્યા



બેંગ્લુરુ,તા.૨૫

ઈસરોએ કોરોનાની અસર દેશના મહત્વકાક્ષી અંતરિક્ષ અભિયાન પર ન પડે તે માટે કમર કસી છે. પહેલીવાર અંતરિક્ષમાં માનવ લઈ જનારા મિશન ગગનયાન પણ આમાનું એક છે. ઈસરોએ ભારતીય માનવ અંતરિક્ષ કાર્યક્રમ અને સ્પેસ રિસર્ચ સાથે જોડાયેલી સ્વદેશી ટેક્નીક વિકસાવવા પ્રસ્તાવ માંગ્યો છે.

ઈસરોમાં માનવ અંતરિક્ષ કાર્યક્રમ નિર્દેશાલયે ૧૮ સંભવિત વિસ્તારો માટે પ્રૌદ્યોગિકી વિકસિત કરવા માટે પ્રસ્તાવ માંગ્યા છે. આ વિસ્તારોમાં રેડિયેશના ખતરાની ઓળખ તથા તેને ઓછી કરવાની ટેક્નીક, અંતરિક્ષ ભોજન સાથે જોડાયેલી પ્રૌદ્યોગિકી, માનવ રોબોટિક ઈન્ટરફેસ, પર્યાવરણ નિયંત્રણ તંત્ર અને લાઈફ સપોર્ટ સિસ્ટમ, લાંબી અવધિના મિશનો માટે માનવીય મનોવિજ્ઞાન અને કૃત્રિમ ગુરુત્વાકર્ષમ સાથે જોડાયેવી પ્રોદ્યોગિકનો સમાવેશ થાય છે. એટલા માટે ૧૫ જુલાઈ સુધી પ્રસ્તાવ જમા કરાવવાની ડેડલાઈન નક્કી કરવામાં આવી છે.

નિર્દેશાલયનું કહેવું છે કે પ્રસ્તાવોનું તારવણી માટે ઈસરો એક સિમિતિની રચના કરશે. જે વૈજ્ઞાનિક લાભ, પ્રાસંગિક્તા, તકનીકી વિષય વસ્તુ અને વ્યવહારિકતાના પાસાઓને ધ્યાનમાં રાખવામાં આવશે. ઉલ્લેખનીય છે કે મિશન ગગનયાન ૨૦૨૨ માં લોન્ચ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સમયે રુસના માસ્કોમાં ભારતીય વાયુસેનાના ચાર ફાઈટર વિમાનના પાયલોટોનું અંતરિક્ષ પ્રશિક્ષણ ચાલી રહ્યુ છે. એ લગભગ નક્કી છે કે આ મિશન માટે તે ઉમેદવાર છે.

### મહારાષ્ટ્રમાં કોરોનાની ટેસ્ટિંગ અને સારવાર મફત થશે

## દેશમાં કોરોના પોઝિટિવ કેસો ૨૪ હજારની પાર

ન્યુ દિલ્હી,તા.૨૫

જીવલેણ કોરોના વાઈરસ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહ્યો છે, ત્યારે દુનિયામાં ઘાતક વાઈરસે ૨ લાખ કરતા વધુ લોકોનો ભોગ લીધો છે. ભારતમાં પણ કોરોનાના પોઝિટિવ કેસોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે, ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૨૯ જેટલા નવા કેસો નોંધાયા છે અને ૫૭ લોકો મોતને ભેટ્યા છે. આ સાથે જ દેશમાં કોરોનાના કુલ કેસો વધીને ૨૪૫૦૬ થઈ ગયા છે, જ્યારે કોરોનાના કારણે મૃત્યુઆંક વધીને ૭૭૫ પર પહોંચ્યો છે.

મહારાષ્ટ્ર સરકારે રાજ્યમાં કોરોનાની ટેસ્ટીંગ અને સારવારને મફત કરી છે. સ્વાસ્થ્ય શિક્ષણ મંત્રી અમિત દેશમુખે લાતૂરમાં શુક્રવાર સાંજે આ જાહેરાત કરી હતી.

દેશમાં કોરોનાના કારણે મહારાષ્ટ્રની સ્થિતિ સૌથી વધુ કફોડી જોવા મળી રહી છે. અહીં તુલ ૬૮૧૭ કોરોનાના કેસો સામે આવી ચૂક્યા છે. જેમાંથી ૮૪૦ દર્દીઓ એવા છે, જે સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જયારે રાજ્યમાં કોરોનાના કારણે ૩૦૧ લોકો મોતને ભેટ્યા છે.

ગુજરાતમાં પણ કોરોનાના ૨૦૧૮ પોઝિટિવ કેસો નોંધાયા છે. જેમાંથી ૨૬૫ લોકો સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ તેમને રજા આપવામાં આવી છે, જ્યારે ૧૨૭ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. જો દિલ્હીની વાત કરીએ તો, અહીં અત્યાર સુધીમાં કોરોનાના ૨૫૧૪ પોઝિટિવ કેસો નોંધાયા છે, જ્યારે ૫૩ લોકોના મોત થયા છે.

ઉત્તર પ્રદેશમાં પણ કોરોના વાઈરસના પોઝિટિવ કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. અત્યાર સુધી રાજ્યમાં ૧૬૨૧ કેસો નોંધાઈ ચૂક્યા છે, જેમાંથી ૨૪૭ સ્વસ્થ થયા છે અને ૨૫ દર્દીઓના મોત થયા છે. રાજસ્થાનમાં પણ ૨૦૩૪ કોરોનાના પોઝિટિવ કેસો નોંધાયા છે, જેમાંથી ૨૩૦ સ્વસ્થ થયા છે તો ૨૭ના મોત થયા છે. આ જ રીતે બિહારમાં કુલ ૨૨૩ કોરોના પોઝિટિવ કેસો નોંધાયા છે, જેમાંથી ૪૬ સ્વસ્થ થયા છે અને ૨ના મોત થયા છે.

## તંત્રી સ્થાનેથી...

### પ્રવાસન પર અસર

વિશ્વના પચાસથી સિત્તેર દેશો એવા છે જેના અર્થતંત્રનો મુખ્ય અથવા બીજા ક્રમનો આધાર પ્રવાસન ક્ષેત્ર છે. કોરોનાએ દરેક ક્ષેત્રોમાં સૌથી પહેલા પ્રવાસન ક્ષેત્ર ઉપર તાળું માર્યું છે. પ્રવાસન ક્ષેત્રને ઉદ્યોગનો શિરપાવ મળ્યો છે, તેના થકી કશું પણ ઉત્પાદન ન થતું હોવા છતાં. આદિકાળથી માણસમાત્રની સાત સાગર ખૂંદવાની અભિલાષા અને આદત રહી છે. માણસ મુખસંતાકિયો નથી. એ પ્રગટ થવાની વૃત્તિ ધરાવે છે. ઘરનું ઘર થઈ ગયા પછી એંશી ટકા માનવવસ્તી પોતાની કરકસરયુક્ત બચત અથવા તો એક્સેસ રૂપિયા પ્રવાસન પાછળ વાપરે છે. માટે ઘણા શહેરો, રાજ્યો, પ્રદેશો અને અમુક તો આખા ને આખા દેશોની તિજોરી પ્રવાસીઓ જ છલકાવી આપે છે. અત્યારે ભલે પ્રવાસન ઉદ્યોગના માંધાતાઓ વિમાસણમાં પડયા પરંતુ કોરોનાકાણ્ડ જ્યારે પણ પૂરો થશે ત્યારે પ્રવાસનમાં તેજીનો તોખાર હણહણશે. કારણ કે ફરી પ્રદૂષણને કારણે પ્રકૃતિ હતી એવી ને એવી રુક્ષ અને ઝાંખી અને વયોવૃદ્ધ દેખાવા લાગે એ પહેલા એના નવ્યાવતારનો સાક્ષાત્કાર કરવા મુગ્ધ થયેલો વિરાટ ચાહક સમુદાય પ્રવાસે નીકળી જ પડવાનો છે.ચાઈનિઝ લોકો પ્રથમ પંક્તિના પ્રવાસીઓ છે અને છેલ્લા બે મહિનાથી આખી દુનિયા ચીનાઓને જોઈને હડહડ કરવા લાગી છે. ચીનાઓની હાલત કૂતરાઓ કરતાંય ખરાબ થઈ છે. ઈટાલી સરકાર તો ચીનાઓ પર આગામી પચીસ વરસનો ઘાતક પ્રતિબંધ મૂકવાનું વિચારે છે. મકાઉ, હોંગકોંગ, માલદીવ, ઈન્ડોનેશિયા, સિંગાપોર, મોરક્કો, મોનાકો જેવા ઘણા દેશો છે જેમની હાલત આ ચીનાઓએ જ ત્યાં જઈને કફોડી કરી છે. એરલાઈન્સ કંપનીઓએ બુકિંગ કેન્સલ કરાવનારા મુસાફરોને જે પ્રમાણમાં રિફંડ આપવું પડે છે તે ઐતિહાસિક છે. યુએઈના દુબઈ કે અબુધાબી પાસે તેલના કૂવા રહ્યા નહિ જેવા જ છે, પ્રવાસીઓની મદદ વિના ત્યાંના શેખના ઠાઠમાઠ કઈ રીતે ટકી શકશે ? સોનાના નળમાંથી પાણી તો આવશે પણ શેખને એ ઘૂંટડો હવે ગળે નહિ ઉતરે. અમેરિકા સદ્ધર દેશ હોવા છતાં પ્રવાસન તેના માટે લક્ષ્મીયંત્ર જ હતું. સ્ટેચ્યુ ઓફ લિબર્ટી પ્રવાસીઓથી સાવ મુક્ત છે. પ્રવાસન માટે નંબર વન ડેસ્ટિનેશન એટલે સમગ્ર યુરોપ. સ્વિત્ઝર્લેન્ડના બરફિલા પહાડો અને ફ્રાન્સના કેફે અને ઈટાલીના દેવળો હવે આજે ભૂત રડે ભેંકાર જેવા છે. વીસમી સદીમાં ક્યારેય બંધ ન થઈ હોય એવી સાઈટોએ તેમના અન્નદાતાર જેવા પ્રવાસીઓના આવવા પર પ્રતિબંધના પાટિયા દરવાજે જ ઝૂલતા કર્યા છે.છેલ્લા દસેક વરસથી યુનિવસટી ઓફ ફ્લોરિડા પ્રવાસન કટોકટી વ્યવસ્થાપન ઉપર ગંભીરતાપૂર્વક અભ્યાસ કરે છે. કુદરતી કે કૃત્રિમ આફત મુસાફરોનું મનોબળ અને ઈચ્છાઓ કઈ રીતે બદલે છે તેના ઉપર ત્યાં સંશોધન થતું રહે છે. હરિકેન જેવું તોફાન કે ઝિકા જેવા વાયરસની ઉત્પત્તિએ પ્રવાસન ક્ષેત્રને કેટલું નુકસાન કર્યું છે તેની આંકડાકીય માહિતી તેમની પાસે છે. કોરોનાના પડછાયામાં ફસાયેલા નેવું ટકા અમેરિકનો પોતાના જ દેશમાં પ્રવાસ કરતા ડરે છે. બ્રિટન, અમેરિકા, ચીન અને યુરોપિયનો પ્રવાસન ઉદ્યોગની આધારશીલા છે. કેટલાક દેશો જ કોરોનાને કારણે શટ ડાઉન થઈ ગયા છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ સાથે સંકળાયેલી એક સંસ્થા છે - વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન. આ સંસ્થા વૈશ્વિક મુસાફરી અંગે ચિંતિત છે. તેણે વિશ્વ આરોગ્ય સંસ્થા સાથે પોતાના સંબંધો મજબૂત કરી નાખ્યા છે. પ્રવાસીઓ કરતા પ્રવાસનના વ્યવસ્થાપકોને વધુ દુઃખ થતું હોય છે જ્યારે બસ, ટ્રેન કે પ્લેનના પૈડાં થંભી ગયા હોય.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૬/૦૪/૨૦૨૦, રવિવાર, ચૈત્ર સુદ-૩,અખાત્રીજ
સૂર્યોદય-૬-૨૦, સૂર્યાસ્ત-૭-૧૦, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ રોહિણી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૭-૫૬ થી ચલ-લાભ-અમૃત-૧૨-૪૫ સુધી, ૧૪-૨૧ થી શુભ-૧૫-૫૭ સુધી, ૧૯-૧૦થી શુભ-અમૃત-ચલ-૨૩-૨૧ સુધી

- શુભ હોરા-
૭-૨૪ થી ૧૦-૩૬ સુધી, ૧૧-૪૧ થી ૧૨-૪૫ સુધી, ૧૪-૫૩ થી ૧૮-૦૬ સુધી, ૧૯-૧૦થી ૨૦-૦૬ સુધી

## દૈનિક રાશીફળ

તા. ૨૬-૦૪-૨૦૨૦ રવિવાર

**મેષ(અ.લ.ઈ.)**:-તમારા કાર્યની કદર થવાની છે સામાજીક રીતે અનુકુળતા મિત્રો બનાવવામાં સફળતા કર્જમાં રાહત.

**વૃષભ(બ.વ.ઉ.)**:-તમારૂ કોશલ ઝળહી ઉઠવાનું છે રાજકીય રીતે લાભ લાગણીઓને કાબુમાં રાખવી - મિલકતથી લાભ રહે.

**મિથુન(ક.છ.ઘ.)**:-પરિવારના સભ્યોની જરૂરીયાતો વધવાની -વડીલ-વર્ગના સ્વાસ્થ્ય બાબત જાળવવું -વિદેશથી લાભ.

**કર્ક(ડ.હ.)**:-સંસ્થામાં સારો હોદ્દો મલવાનો સંયુકત મિલ્કતના પ્રશ્નોમાં કોઇ ગુંચવણો હશે તો તે દૂર થવાની.

**સિંહ(મ.ટ.)**:-તમો જે વ્યકિતની મદદ ઇચ્છો છો તે ન મળતા તમો ટેન્સનમાં રહેશો. નકારાત્મ વિચારોને ટાળજો.

**કન્યા(પ.ઠ.ણ.)**:-સંતાનોના અભ્યાસને લઇને ખર્ચ રહે. કોઇ નવું આયોજન ટાળવું પડે-મિલ્કત ઉપર કર્જ ન કરવું.

**તુલા(ર.ત.)**:-મહત્વની વ્યકિતની મુલાકત થાય ભાઇ-બહેનો સાથે પ્રવાસનું આયોજન થાય. મકાન ખરીદીની ઇચ્છા ફળે.

**વૃશ્ચિક(ન.ય.)**:-નવીન કામગીરીઓ હાથ ઉપર આવે આવેશથી દૂર રહેજો લગ્ન જીવનમાં ગેર સમજો થી દૂર રહેજો.

**ધન(ભ.ધ.ફ.ઢ.)**:-નિયમિતતા કેળવવી જરૂર છે. ખરીદી પાછળ ખર્ચ રહે. પરિવારના સભ્યો સાથે દલીલબાજીથી દૂર રહેજો.

**મકર(ખ.જ.)**:-આવક વધારવાના પ્રયત્નો ફળવાના જીવનમાં જોમ જાળવી રાખવો સંતાનોનો સહકાર સારો રહેશે પ્રવાસ થાય.

**કુંભ(ગ.શ.સ.)**:-રચનાત્મક કાર્યોમાં સફળતા વાળો સમય રહેશે. નાણાકીય બાબતોમાં સતર્કતા રાખજો ધાર્મિક યાત્રા પ્રવાસ થાય.

**મીન(દ.ચ.ઝ.)**:-આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખજો ભાઇ-બહેનો સાથે મતભેદો ટાળવા કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો.

## કોરોના સંક્રમણને અટકાવવા બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા યુધ્ધના ધોરણે પ્રયાસો

# ડૉ.ગીતાબેન પટેલને ઈમ્યુનોકોમ્પ્રોમાઈઝ ઉપરાંત બીજી ઘણી શારીરિક તકલીફ હોવા છતાં એક સૈનિકની જેમ નિષ્ઠાોથી કામગીરી કરે છે



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯)ની વૈશ્વિક મહામારી સામે સમગ્ર દેશ અને દુનિયા જંગ લડી રહ્યું છે ત્યારે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા યુધ્ધના ધોરણે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કોરોના વાયરસને બનાસકાંઠા જિલ્લામાં ફેલાતો અટકાવવા માટે કલેકટરશ્રી સંદીપ સાગલેના નેતૃત્વ હેઠળ સમગ્ર જિલ્લા વહીવટીતંત્ર, સેવાભાવી સજ્જન લોકો, સ્વૈચ્છીક સંસ્થાઓ અને યુવાનો વગેરે સાથે મળી રાત દિવસ અથાક પ્રયાસો કરી રહ્યા છે. કોરોના મહામારી સામે દેશ અને દુનિયામાં જંગ ચાલી રહ્યો છે ત્યારે આજે વાત કરવી છે પાલનપુરના એક એવા મહિલા ડૉક્ટરની જેમને પોતાને ઘણીબધી શારીરિક તકલીફો હોવા છતાં અત્યારે કોરોના સામેના જંગમાં યોધ્ધા બનીને દિવસ, રાત મહેનત કરી રહ્યા છે. એમનું નામ છે ડૉ. ગીતાબેન પટેલ, જેઓ પાલનપુરની જનરલ હોસ્પીટલમાં ક્લાસ વન એનેસ્થેટીસ્ટ ડૉક્ટર તરીકે ફરજ બજાવે છે. બહુ જ ઓછા માણસોને હોય તેવી શારીરિક બિમારીની તેમને તકલીફ છે. તેમને ઘણીવાર સર્જરી પણ કરાવવી પડી છે પરંતુ કોરોના વિશેની ગંભીરતાને એક ડૉક્ટર તરીકે સારી રીતે સમજી તથા દર્દીઓની સેવા માટે હંમેશા તત્પર રહેતા ડૉ.ગીતાબેન અત્યારે પાલનપુર સીવીલ હોસ્પીટલના સ્ટાફ સાથે અથાક કામગીરી કરી રહ્યાં છે.

ડૉ. ગીતાબેન પટેલ કહે છે કે સમગ્ર વિશ્વમાં અત્યારે કોરોનાને લીધે વિકટ પરિસ્થિતિ છે. ભારત સામે પણ આ મહામારી સામે લડવાની મોટી જવાબદારી છે. તેમણે કહ્યું કે, બનાસકાંઠા જિલ્લામાં કલેકટરશ્રી સહિત આરોગ્ય અને અન્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ વિભાગ, સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરે ખુબ સારી કામગીરી કરી રહ્યા છે. ડૉ. ગીતાબેને કહ્યું કે આવા સમયે પીછેહઠ નથી જ કરવી એવુ મેં મક્કમતાથી નક્કી કર્યુ છે એટલે જ હું શારીરિક તકલીફોને એક બાજુએ મુકીને હકારાત્મક અભિગમ સાથે કામ કરું છું અને કરતી રહીશ. તેમણે કહ્યું કે મને મારા પરિવાર, મિત્રો, અને સ્ટાફ તરફથી ખુબ જ સારો સહયોગ મળે છે. મારા પરિવારનો પ્રેમ અને હૂંફ જ મને કામ કરવા તાકાત પુરી પાડે છે. તેમણે લોકોને ઘરમાં રહેવા અને હોંસલો બુલંદ રાખવા જણાવ્યું છે.

મૂળ વિસનગર તાલુકાના વાલમ ગામનાં વતની ડૉ. ગીતાબેન પટેલ કહે છે કે દરેક માણસની સમાજ પ્રત્યે કોઈને કોઇ જવાબદારી હોય છે. ડૉકટર તરીકે કોઈ વ્યક્તિ બહુ જ સારી સમાજ સેવા કરી શકે છે. કોઈપણ પેશન્ટ જરૂરીયાતના સમયે ડૉ. ગીતાબેનને ગમે ત્યારે ફોન કરી શકે છે. ડૉ. ગીતાબેનના હસબન્ડ પણ આંખના સર્જન ડૉકટર છે. કોરોના સંદર્ભે લોકોને અપીલ કરતાં ડૉ. ગીતાબેન પટેલે કહ્યું કે અનિવાર્ય કામ સિવાય ઘર બહાર ના નિકળો. કોરોનાથી ડરવાની નહીં પરંતું જાગૃત, સજાગ રહેવાની જરૂર છે.

બે વાર મોતને હાથતાળી આપનાર ડૉ.ગીતાબેન પટેલ વિશે કલેકટરશ્રી સંદીપ સાગલે શું કહે છે.

બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી સંદીપ સાગલેએ ડૉ.ગીતાબેન પટેલની સેવાકીય ભાવનાને બિરદાવતાં જણાવ્યું હતું કે, અત્યારે સમગ્ર વિશ્વમાં કોરોનાનું સંકટ વિકટ બની રહ્યું છે તેમજ માન.વડાપ્રધાનશ્રીની અપીલને પગલે આપણા કોરોના યોધ્ધાઓ લડી રહ્યા છે ત્યારે આ મહાસંકટના સમયે પાલનપુર સીવીલ હોસ્પીટલના એનેસ્થેટીક ડૉ. ગીતાબેન પટેલ કોરોના વોરીયર બનીને

## "મધુર સપ્તપદી"

### એપીસોડ ૪ રોગપ્રતિકારક શક્તિ વધારવા આયુષ વિભાગની સુચનાઓનો અમલ કરીએ.




કોરોના સામે રોગપ્રતિકારા શક્તિ વધારવા આયુર્વેદિક ઉકાળો ખુબ જ અસરકારક છે. મધુર ચેરમેનશ્રી દ્વાર આ મુદાની વિસ્તૃત ચર્ચા કરવા માટે તેઓશ્રી ગાંધીનગરની ક્રિષ્ના હોસ્પિટલના ડૉ. મહેશ ઝાલા અને મધુર ડેરીના વેટર્નરી ડોક્ટર ડી.એસ.પટેલ સાથે વાર્તાલાપ કર્યો હતો. ચેરમેનશ્રીએ જણાવ્યુ હતુ કે વિશ્વની મહાસત્તાઓ આજે કોરોના સામે લાચાર છે ત્યારે ભારત એક એવો દેશ છે જ્યાં આવી વિનાશક બીમારી સામે લડવા આપણા ત્રણેય ઉપચાર એકમો એલોપેથી, હોમિયોપેથીક અને આયુર્વેદિક સક્રિય છે. આપને ખ્યાલ હશે હમણાં જ અમેરિકાએ આપણી પાસેથે હાઈડ્રોકસી ક્લોરોકવિન દવા માંગી અને મોદી સાહેબે ગૌરવભેર એ દવા મોકલાવી છે. આપણું સૌથે મજબૂત પાસું એટલે આપણા પ્રાચીન કાળથી ચાલી આવતી આયુર્વેદ ઉપચાર પદ્ધતિ. મોદી સાહેબે તો આનો આખો અલગ વિભાગ ઉભો કર્યો છે. આયુષ વિભાગ. કોરોના સામે લડવાનું જો એકમાત્ર હાથિયાર હોય તો એ છે આપણી રોગ પ્રતિકારક શક્તિ.

આ બાબતે ક્રિશ્ના હોસ્પિટલના ડૉ. ઝાલાએ નિયામકશ્રી , આયુષની કચેરી , આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ , ગુજરાત સરકાર - કોરોના વાયરસ સંક્રમણ સામે રક્ષણાત્મક ઉપાયોની સમજણ આપી હતી. તેમણે લોકોને ગભારાવાને બદલે સાવચેત રહી ઘરમા સુરક્ષિત રહેવા જણાવ્યુ હતુ. તેમણે હળદર - મીઠાવાળા નવસેકા પાણીના કોગળા કરવા અને ઉકળતા પાણીમાં અજમો નાખી નાસ લેવાના મહત્વને સમજાવ્યુ હતુ. મધુર ડેરીના ડૉ. ડી.એસ.પટેલ સાહેબે મધુર ડેરી દ્વારા ઉકાળાનું વિતરણ અને ગામ કક્ષાએ કોરોનાની જાગ્રુતિ માટે કરેલ વિવિધ પ્રવ્રુત્તિઓની માહિતિ આપી હતી. મધુર સપ્તપદીનો આ એપિસોડ ઘણા દર્શકોને પસંદ આવ્યો હતો.

# અમદાવાદ અને સુરત ની મુલાકાત બાદ વર્તમાન પરિસ્થિતિને લઈને કરાઈ ચર્ચા

અમદાવાદ,તા.૨૫

સમગ્ર રાષ્ટ્રમાં જયારે કોરોનાના કહેર વચ્ચે લોકડાઉન ચાલી રહ્યું છે, ત્યારે આજે વહેલી સવારે શનિવારના રોજ કેન્દ્રીય આરોગ્ય વિભાગ અને કેન્દ્રીય ગૃહ વિભાગની બે ટિમ ગુજરાત આવી પહોંચી છે. અમદાવાદ અને સુરત શહેરમાં કેન્દ્રીય કક્ષાના અધિકારીઓએ મુલાકાત લઈ વર્તમાન પરિસ્થિતિને લઈને ચર્ચા-વિચારણા કરી હતી. જેમાં ખાસ અમદાવાદની પરિસ્થિતિ દિવસેને દિવસે વધુ બગડી રહી છે હોવાથી મૂદ્દાસર વાતચીત કરવામાં આવી હતી. જણાવી દઈએ કે, શહેરના કલેક્ટર, શહેર પોલીસ કમિશનર તથા મ્યુન્સિપલ કમિશનર સાથે આ બેઠકનો દોર યોજાયો હતો.

ઉલ્લેખનીય છે કે, આ બેઠક બે ભાગમાં થઇ હતી જેમાં એક બેઠક ઉસ્માનપુરાની હોટલ હયાત રેજન્સી ખાતે સવારે ૦૯:૦૦ થી ૦૯:૩૦ વાગ્યાના અરસામાં યોજાઈ હતી અને આ બેઠક લગભગ ૧૧:૦૦ થી ૧૧:૩૦ વાગ્યાના અરસામાં પૂર્ણ થઇ હતી. ત્યારબાદ મિટિંગનો બીજો દોર અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે બપોરે ૧૨:૦૦ વાગ્યાના અરસામાં યોજાયો જેમાં કેન્દ્રીય હેલ્થ વિભાગના અધિકારીઓ તથા શહેર પોલીસ કમિશ્નર સહીતના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. હાઈપાવરની આ મિટિંગમાં કેન્દ્રની ટિમ સમક્ષ સમગ્ર અમદાવાદ શહેરનો વાસ્તવિક ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં કોરોનાના પોઝેટીવ કેસના આંકડાથી લઈને આગામી સમયમાં આ પરિસ્થિતને પહોંચી વળવા માટે તંત્ર કેટલું સુસજ્જ છે તેની ચર્ચા કલેક્ટર કચેરી ખાતે કરવામાં આવી હતી. જેમાં મેડિકલ વિભાગના કર્મીઓને કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેમ કે, વાત કરવામાં આવે તો પીપીઈ કીટ થી લઈને કોરોના ટેસ્ટ કીટની અછત આ તમામ મુદ્દાઓ ઉપર કેન્દ્ર કક્ષાના સચિવ ભુપેન્દ્રસીંગ ભલ્લાની અધ્યક્ષતામાં આ મિટિંગ યોજાઈ તેમાં ચર્ચા થઇ હતી. હોટલ હયાત રેજન્સી અને ત્યારબાદ અમદાવાદ કલેક્ટરે કચેરી ખાતે યોજાયેલી આ હાઈપાવર મિટિંગનો દોર લગભગ બે થી અઢી કલાક ચાલી જેમાં કેન્દ્રીય સચિવ ભુપેન્દ્રસીંગ ભલ્લા, અમદાવાદ કલેક્ટર, શહેર પોલીસ કમિશનર, ડીડીઓ અરુણ મહેશ બાબુ, મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમેલી વેરફેર ડિપાર્ટમેન્ટ રિપ્રેઝન્ટેટિવ ચંદના ડે પણ હાજર રહ્યા હતા આ સહીત કેન્દ્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ૫ કેન્દ્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા

શ્રી ભુપિન્દર ભલ્લા (એડિશનલ સેક્રેટરી મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી)

ડૉ. નિરજ ઢીંગરા (ડિરેકટર ઓફ નેશનલ વેક્ટર)

ડૉ. સંતોષ કુમાર (પ્રોફેસર નેશનલ ઈનટીટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ)

ઈન્દર કુમાર બેદી (ચીફ જનરલ મેનેજર ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા)

વિનોદ કુમાર (ડેપ્યુટી સેક્રેટરી મિનિસ્ટ્રી ઓફ હેલ્થ રિસર્ચ)




કોરોનાની આ વૈશ્વિક મહામારીમાં ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી માનનીય શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર લોકસભા મત વિસ્તારના ગરીબ,દલિત અને જરૂરિયાતમંદ પરીવારોને અંદાજે ૬૦ હજાર જેટલી રાશન કીટનું વિતરણ કરવાનું નક્કી કરેલ છે. દરેક કીટની સાથે બે માસ્ક અને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાની માહિતી પત્રિકા પણ આપવામાં આવશે.જે અંતર્ગત પ્રથમ તબક્કામાં આવતીકાલથી સાણંદ વિધાનસભા વિસ્તારમાં સાણંદ રાશન કિટનું વિતરણ કરવામાં આવશે. ત્યારબાદ ગાંધીનગર લોકસભાના અન્ય વિધાનસભા વિસ્તારોમાં પણ તબક્કાવાર વિતરણ કરવામાં આવશે.આ સાથે ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર લોકસભાના તમામ લોકોને માસ્ક પહેરવા અને સોશિયલ distance જાળવવા પણ અપીલ કરી છે.

# સુરતમાં કોરોનાનો કેર જોયા બાદ કેન્દ્રીય ટીમે ક્લેક્ટર-કમિશનર સાથે કરી બેઠક

સુરત,તા.૨૫

કોરોનાનો કહેર વધતો જાય છે તેમ ટેસ્ટિંગની સંખ્યા પણ વધારી દેવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૯૫૧૧ શંકાસ્પદોના ટેસ્ટ કરવામાં આવ્યાં છે. જેમાથી ૪૭૧ જેટલા દર્દીઓ પોઝિટિવ આવ્યાં છે.અમરોલીના વૃધ્ધના મોતથી મૃત્યુઆંક ૧૫ થયો છે. રેપિડ એન્ટી બોડી કિટથી થયેલા ટેસ્ટમાં પ્રથમ દિવસે એક પોઝિટિવ દર્દી નોંધાયો હતો. પાલિકા દ્વારા ૧૪ જેટલા કલસ્ટર અને હોટસ્પોટ વિસ્તારમાં એક્ટિવ સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે.શહેરની સમીક્ષા કરવા માટે દિલ્હીથી એક ટીમ આવી છે. કોરોનાની સ્થિતિ જાણવા માટે દિલ્હીથી ટીમ સુરત પહોંચી છે. કેન્દ્રની ટીમે કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર મ્યુનિસિપલ કમિશનર પોલીસ કમિશનર તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે ફરી બેઠક કરી છે. કોરોના ને લઈને હાલની સ્થિતિને લઈને સમીક્ષા કરી ફૂડ વિતરણ વ્યવસ્થા તેમજ કામદારોની કઈ પરિસ્થિતિ છે તેનો તાગ મેળવ્યો હતો.અમરોલી ખાતે કોરોના પોઝિટિવ દર્દી દીપકભાઈ




રણછોડભાઈ ભટ્ટ(ઉ.વ.આ.૫૮)નું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મૃત્યુ થયું છે. દીપકભાઈ ભટ્ટ મૂળ ભાવનગરના વલભીપુર ગામના વતની હતા. છેલ્લા ૫ વર્ષથી સુરત સ્થાયી થયા હતા.દિપકભાઈ ભટ્ટના પરિવારને અમરોલી ખાતે તેમના નિવાસ સ્થાન રજવાડી પાર્ટી પ્લોટ સ્વીટ હોમ ટેનામેન્ટ ખાતે હોમ ક્વોરન્ટીન કરેલા છે. ત્યાં તેમના પુત્ર ચિરાગ (ઉ.વ.૩૦) ની તબિયત તેમના ઘરે ગઈકાલ સાંજની ખરાબ છે તેને પણ તાવ અને ગળામાં તકલીફ જેવું છે.

કોરોનાના કહેર વચ્ચે લોકડાઉનનું પાલન કરાવવા સુરતમાં તૈનાત જીઆરડી જવાનોએ કોરોના ટેસ્ટ કરાવવાની માંગ કરી છે. કેટલાક શરદી-ખાસી અને સામાન્ય તાવ ની ફરિયાદ પણ કરી રહ્યા છે. જવાનોને ડયુટી પરથી આવ્યા બાદ કોરોના વાઈરસનો ડર હાલ તમામને સતાવી રહ્યો છે. એક સાથે ૧૦૦ જવાનો રહે છે. દાહોદ એસઆરપી ગ્રુપ ૪ના જવાનોને હાલ કતારગામ વાટલીયા પ્રજાપતિ સમાજની વાડીમાં ઉતારો અપાયો છે.ગત રોજ બાદ આજે બે જણાને વાડીમાંથી એમ્બ્યુલન્સમાં તબીબી તપાસ માટે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતાં.

# લોકડાઉનમાં ગુજરાત પોલીસ માટે રમજાન મહિનો વધુ ચેલેન્જિંગ બની રહેશે

અમદાવાદ,તા.૨૫

રમજાન મહિનાની શરૂઆત થઈ છે. ગઈકાલે રમજાનનો ચાંદ નજર આવી ગયો છે. શિયા ચાંદ કમિટીએ ચાંદ દેખાયાની પુષ્ટિ કરી છે. ઈદગાહ લખનઉના ઈમામ મૌલાના ખાલિદ રશીદ ફરંગીએ એલાન કર્યો કે, ૨૪ એપ્રિલ ૨૦૨૦ના રોજ રમજાનુલ મુબારક ચાંદ થઈ ગયો છે. પહેલો રોજા આજે શનિવારથી રાખવામા આવશે. તો બીજી તરફ, ગુજરાત પોલીસ માટે રમજાન મહિનો વધુ ચેલેન્જિંગ બની રહેશે. આ માટે પોલીસે ઘરમાં રહીને જ ઈબાદત કરવાની સલાહ આપી છે. તેમજ પોલીસ આ મામલે સખત બનીને કડક પગલા લઈ રહી છે. ગઈકાલે જામનગરના આકાશમા રમઝાનનો ચાંદ દેખાયો હતો.

જામનગરમાં આજથી રમઝાન માસનો પ્રારંભ થયો છે. કાઝી-એ-ગુજરાત સૈયદ સલીમબાપુ દ્વારા ચાંદની ગવાહી કરાઈ છે. લોકોને ઘરમાં રહીને રમઝાનની ઈબાદત કરવા અપીલ કરાઈ છે. મુસ્લિમો દ્વારા રોઝા અને તરાવિહની ઈબાદત કરાશે. વડોદરામાં આજથી રમઝાન માસની શરૂઆત થઈ રહી છે. વડોદરા પોલીસ આજથી શહેરની ૧૭૦ મસ્જિદો ફરતે પેટ્રોલિંગ કરશે. ત્યારે ખાણીપીણીની લારીઓ ખોલવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. રાજ્યમંત્રી યોગેશ પટેલે પોલીસ કમિશનર સાથે મળીને એક્શન પ્લાન તૈયાર કર્યો હતો. મૌલાના મસ્જિદના લાઉડ સ્પીકર પર એનાઉન્સમેન્ટ કરશે કે, ઘરે રહીને જ નમાજ અદા કરો. કોરોના વાયરસને લઈને શહેર પોલીસ કમિશનર વધુ કડક થયા છે.

લોકડાઉન ભંગ કરનાર સામે આજથી કડકાઈથી અમલ કરવાની અધિકારીઓને સૂચના આપી દેવાઈ છે. તંત્ર દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલા પાસ પરમિટ વગર બિનજરૂરી નીકળશે તેની સામે ગુનો દાખલ કરવામાં આવશે. રમજાન માસ દરમિયાન ખાણીપીણીની લારીઓ ખૂલશે નહિ કે દુકાન ઉપર ભેગા થશે તેની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. મુસ્લિમ બિરાદરો પોતાના ઘરમાં રહી નમાજ, ઈમાદત, ઈફ્તાર અદા કરે તેવી કરવામાં અપીલ કરવામાં આવી છે.

# ન્યુઝ ઓફ ગાંધીનગર.સાહિત્યિક સ્પર્ધા ના ગદ્ય,પદ્ય પરિણામ.... અહેવાલ : જિજ્ઞા કપુરીયા

ન્યૂઝ ઓફ ગાંધીનગર
વિભાગ ગદ્ય
શીર્ષક ગોલ્ડન જ્યુબિલી

"હેનિશ તું રાત્રે દસ વાગ્યા પહેલા પાછો આવતો રહીશ ને?" - તેના ખાસ મિત્ર મિલને પૂછ્યું.
એને જવાબ આપતા કહ્યું; "તને ખબર છે ને મિલન, આજનો દિવસ,આજની તારીખ મારા માટે કેટલા મહત્વપૂર્ણ છે?"
મિલન ને કહ્યું; "એ તો બરોબર છે, પરંતુ અહીંના નિયમ કેટલા કડક છે તું પણ જાણે છે અને નિયમ-નિયમ હોય છે. અહીંથી ૧૦:૦૦ વાગ્યા પછી કોઈને પણ બહાર જવાની સખત મનાઈ છે."
હેનિશે વાતને મજાકમાં ઉડાવતા કહ્યું; "હા ભાઈ હું જાણું છું, રાત્રે ૧૦:૦૦ વાગ્યા પહેલા આવી જઈશ હાલ મને જવાદે બહાર સોફિયા મારી રાહ જોતી હશે." - આટલું કહીને હેનિશ બધાથી નજર બચાવીને ત્યાંથી બહાર નીકળી ગયો અને નક્કી કરેલા સ્થળે સોફિયાની રાહ જોવા લાગ્યો.
થોડીવારમાં સોફિયા પણ ત્યાં આવી પહોંચી બંને જણા ચર્ચમાં ગયા અને પોતાના લગ્નજીવનની ગોલ્ડન જ્યુબિલી ઉજવતા બંનેએ પ્રેયર કરી અને ત્યારબાદ તેઓ બંને એ જ દરિયા કિનારે જઈને આવી બેઠા જ્યાં તેઓ પહેલી વખત મળ્યા હતા. બંને એકબીજાના હાથમાં હાથ પરોવી અને જૂની યાદો તાજી કરતા હેનિશે પૂછ્યું યાદ છે તને આપણે પ્રથમ વખત અહી મળેલા અને આપણા પ્રેમનો એકરાર કરેલો.
સોફિયાએ પણ થોડું શરમાતા હા માં માથું હલાવ્યું અને પછી બોલી; "હા યાદ છે મને આપણે અહીં જ મળેલા અને તે મને અચાનક પાછળ થી આવી ને મારી આંખો પર હાથ મૂકી અને મને અચંબિત કરી દીધેલી."
હેનિશ યાદોના દોરને આગળ વધારતા બોલ્યો; "પછી હું તારી આગળ આવીને પોતાના ઘુટણ પર બેસીને ગુલાબનું ફૂલ અને હાથમાં અંગૂઠી લઈને તને પૂછેલું વિલ યુ મેરી મી?"
સોફિયાએ કહ્યું; "હા!, મેં હા પાડી અને તેં મને તરત જ ઊંચકી લીધેલી. ચાલ આજે ફરીથી એ જ ક્ષણોને જીવીએ."
હેનિશે જવાબ આપતા કહ્યું; "પાગલ છે કે શું? હવે ઉંમર છે કે તને હું ફરીથી ઊંચકી શકું? એકાદું હાડકું ભાંગશે તો ફરીથી આ ઉંમરે જોડાશે નહીં." - આટલું કહીને બંને ખડખડાટ હસી પડ્યા અને પછી ત્યાંથી ઊભા થઈ અને દરિયાની પલળેલી રેતી ઉપર ચાલતાં ચાલતાં આગળ નિકળી ગયા અને ધરતીની બાહોમાં સમાતા સુરજના લાલાશ પડતા પ્રકાશમાં બંનેના પ્રેમની ભીનાશ ભળી ગઈ હતી.
ખાસ્સો સમય બંનેએ સાથે વિતાવ્યા પછી રાત્રે બંનેએ સાથે કેન્ડલ લાઇટ ડિનર કર્યું અને પછી સોફિયા બોલી; "ચાલ હવે આપણે પાછા જઈએ લોકો આપણી રાહ જોતા હશે."
હેનિશે સોફિયા નો હાથ પકડીને કહ્યું; "ના આજે હવે વૃદ્ધાશ્રમમાં નથી જવું.આખી જિંદગી લોહીનું પાણી કરીને બાળકો માટે ઘણું કમાયા અને તેમને તેમના પગ પર ચાલતા શીખવ્યું,તેમને ભણાવી ગણાવીને મોટા કર્યા અને ઉછેર્યા જ્યારે આપણે જીવવાનો સમય આવ્યો ત્યારે એ જ બાળકોએ આપને જાતિ જિંદગીએ ધક્કો મારી અને વૃદ્ધાશ્રમ દેખાડ્યું. મારે ફરીથી એ ચાર દીવાલોની વચ્ચે નથી જવું જ્યાં મારો જીવ મુંઝાય છે.આજે આપણે આ જ દરિયાકિનારે ખુલ્લા આસમાન નીચે એકબીજાની પાસે સુતા સુતા આસમાનના તારા ગણવા છે અને આજથી પચાસ વર્ષ પહેલા તને આપેલા તમામ વાયદા,વચનો અને પ્રેમના કોલ પૂરા કરવા છે આટલું કહીને બંને એકબીજાનો હાથ પકડીને દરિયા કિનારા તરફ ચાલતા થયા અને અંધારામાં અસ્ત થઈ ગયા.

ભરત રબારી
( માંગરોળ, જી.જુનાગઢ)

શીર્ષક:"ઘરભંગ"
"ઘરભંગ"

એ જ બાગ, લીલીછમ પથરાયેલી જાજમ, બાંકડો, છેલ્લા કેટલાંક વર્ષોથી બાગમાં નિવૃત્ત મિત્રોની જામતી એ જ રોજની બેઠકમાં યશવંતને હવે આવવાનું મન નથી થતું.
દસ મિત્રોમાં મહિલામિત્રો પણ હતી. પાંચેક મિત્રોના જીવનસાથી વિદાય પામ્યા હતા.
સાથે બેસતા મિત્રોમાં યશવંતને ક્યારે વાસંતી પ્રત્યે જતી જિંદગીએ એ કોમળતા ન હોવી જોઇએ એવી સભાનતા છતાં કંઇક તો ગમતી લાગણી પનપવા લાગી. અરસપરસ કોઈ સીધી વાતચીત નહોતી છતાં અંતાક્ષરીમાં ગવાતાં ગીતો પોતાને માટે જ હોય એવું મહેસુસ થતું. વાસંતીના કરચલીસભર સ્મિતમાં વનવસંત લાગવા માંડી.
પણ માંડ છ મહિના આ ક્રમ રહ્યો ત્યાં વાસંતીના દીકરાની બીજા શહેરમાં ટ્રાન્સફર થઈ જતાં એણે બગીચામંડળમાં સત્તાવાર જાહેરાત કરી અને વિદાય લીધી.
બસ, એ પળે યશવંતને જાણે-અજાણે બીજી વાર ઘરભંગ થયાની વેદના થઈ આવી.
એ મોડી સાંજે મનભંગ થયેલા યશવંતને ઘરમાં પ્રવેશતાં સામે જ ભીંત પરથી પારુલની આંખ જાણે મર્માળું હસતી જણાઈ.
અઠવાડિયા પછી બગીચામાં આવેલા યશવંતને હળવો ધબ્બો મારીને રમણિક પૂછી રહ્યો હતો.
"અરે રાજ્જા! કેમ ઉદાસ છે? રિપોર્ટમાં ગડબડ આવી છે?"
રમણિકના સવાલનો જવાબ આપતાં યશવંતે કહ્યું,
"આમ તો બધું સારું જ છે દોસ્ત પણ મનનો બાંકડો ખાલી થઈ ગયો."
બગીચામંડળ થોડું સમજ્યું ને બાકીનું સમજવા છતાં ન સમજ્યું.
હા, દરેકના મનમાં પોતાના મનના આંગણે પણ ક્યારેક સૂના થયેલા બાંકડાની સ્મૃતિ સળવળી રહી.

-લીના વછરાજાની.
-અમદાવાદ.

શીષેક - પ્રેમાળ મિત્રતા

શહેરના ની નજીક આવેલા "સેકન્ડ ઇનિંગ્સ" નામના વૃધ્ધાશ્રમમાં આજે શોકાકુળ વાતાવરણ હતું. છ મહિના પહેલાંજ વૃધ્ધાશ્રમમાં આવેલા એક વૃધ્ધ અને વૃધ્ધાનું અડધા કલાકના સમયગાળામાં જ મૃત્યુ થયું હતું. પહેલીવાર એ બન્ને જણા અહીં આવ્યા ત્યારે બધા માટે અજાણ્યા હતા, પણ આ ટૂંકા સમયગાળામાં તેમણે અહીંના મેનેજરથી લઇ કર્મચારીઓ અને દરેક વૃધ્ધોના દિલમાં એક આગવું સ્થાન પામી લીધું હતું. છ મહિના પહેલાં બન્ને જણા હસતાં મુખે, એક-બીજા સાથે ગમ્મત કરતાં વૃધ્ધાશ્રમમાં પ્રવેશી રહ્યા હતા, ત્યારે પહેલી નજરે સૌને એવું લાગ્યું કે, તેઓ પતિ-પત્ની છે. પણ મેનેજર સાથેની તેમની વાતચીત દરમિયાન મળેલી માહિતી સાંભળી સૌ નવાઇ પામી ગયા. બન્નેના જીવનસાથીઓનું થોડાક વર્ષો પહેલાં અવસાન થયું હતું અને તેઓ શહેરના કોઇ વૈભવી વિસ્તારમાં પોતાના સંતાનો સાથે સુખેથી રહેતા હતા. અહીં આવ્યાના ચાર-પાંચ મહિના પહેલાં બન્ને જણા બગીચામાં પહેલીવાર મળ્યાં હતા, જ્યાં તેઓ પોત-પોતાના પૌત્રો સાથે આવ્યા હતાં. સામાન્ય વાતચીત દરમિયાન બન્નેના વાંચનના શોખ વિશે વાત થઇ અને થોડા વખતમાં સારો મનમેળ થઇ ગયો, પણ તેમના સંતાનોને આ મનમેળ પસંદ ના આવ્યો અને તેઓને એકબીજાથી દુર રહેવાનું કહેવા લાગ્યાં. જીવનનો જે ખાલીપો આ મિત્રતાથી ભરાઇ રહ્યો હતો, તેનાથી દૂર રહેવું મુશ્કેલ લાગતાં, બન્ને પ્રેમથી પોતાના સંતાનોને અલવિદા કરી અહીં આવી ગયા હતા. તેઓએ પોતાના હસમુખા સ્વભાવના લીધે અહીંના નીરસ વાતાવરણને જીવંત કરી દીધું હતું. બન્ને જણા એક-બીજાના ખૂબ સારા મિત્ર બનીને જીવનના આ પડાવને માણી રહ્યા હતા. અચાનક બે દિવસ પહેલાં વૃધ્ધાની તબિયત બગડી, વૃધ્ધે બે દિવસ એની સારસંભાળ રાખી, પણ આયખું ખૂટતાં વૃધ્ધાએ વૃધ્ધના હાથમાં હાથ રાખી અંતિમ શ્વાસ લીધો. વૃધ્ધનું છાતીફાટ રુદન સાંભળી સૌ દોડી આવ્યાં અને થોડીક જ ક્ષણોમાં વૃધ્ધ પણ ઢળી પડ્યો. જીવનના અંતિમ પડાવને સાથે પાર કરી સમાજને પ્રેમાળ મિત્રતાનું સુંદર ઉદાહરણ આપ્યું.

પ્રકૃતિ શાહ "પ્રીત"
અમદાવાદ

શીર્ષક : સાથ સાત જનમનો

"શું જોઈ રહ્યા છો આમ મને?" ધોળા વાળ વાળા રેશમબા એમના પતિને પુછી રહ્યા.
" અરે, તને ગાંડી! જોઈ રહ્યો છું કે હજી એવી જ સુંદર દેખાય છે જેવી ધોરણ દશમાં દેખાતી હતી."
રસિકદાદાએ જવાબ આપ્યો.
"ચાલો હજી ચાટ પાપડી ખાવા જવું છે અને પછી સાંજ સુધી દરિયે બેસીશું હોં" રેશમબા એ ફરમાન કર્યું.
" અને પછી ઘરે હોમ થીયેટરમાં આપણું પ્રિય પિકચર એક દૂજે કે લિએ " રસિક દાદાએ એમની વાત મૂકી.
આખો દિવસ રસિકદાદા અને રેશમબા ડોક્ટરના રિપોર્ટ કે જેમાં લખ્યું હતું કે આપની પાસે બહુ સમય નથી, ઓછા માં ઓછો ૨૪ કલાક અને વધુમાં વધુ એક અઠવાડિયું.જે છૂપાવવાની કોશિશમાં એકબીજાને વધુ પ્રેમ કોણ કરે છે એ બાબતે હરીફાઈમાં ઉતરી આવ્યા હતા, તેથી આખો દિવસ એક બીજાની પસંદગી પૂરી કરવામાં વ્યસ્ત રહ્યા!
સાંજનું જમવાનું બહાર જ પતાવ્યું, પરિવાર વિદેશમાં સ્થાયી હોય ઘરે કોઈની ચિંતા નહોતી!
બીજા દિવસે બપોર સુધી એમના ઘરનો દરવાજો ખૂલ્યો નહિ તેથી પાડોશીએ ચિંતાથી એમની બારીમાંથી ઘરની અંદર ઉતરીને જોયુ.
રેશમબા અને રસિકદાદા એકબીજાનો હાથ પકડી ચિરનિંદ્રામા પોઢી ગયા હતા અને સી. ડી પ્લેયારમાં એક જ ગીત પુનરાવર્તિત થતું હતું "જનમ જનમ સાથ હે હમારા તુમ્હારા, અગરના મિલતે ઇસ જનમ મેં"....!

ભાવના પટેલ."વલસાડી વાદળ"

ન્યુઝ ઓફ ગાંધીનગર
વિભાગ : પદ્ય
શીષેક : પ્રેમ Love

એક ડોસાએ આપ્યું ડોશીને red rose
ને કર્યું એમ ઘડપણમાં એકવાર propose
ઈજી જોઈને થઈ ગઈ ડોશી red-red
મીઠા સૂરે ડોસાને કહ્યું કે,Are you made?
વાળ હવે આપણાં નથી રહ્યા કાંઈ black
શું તું સમજે છે પોતાને માઈકલ Jack?
પહેરીએ છીએ હવે તો કપડાં પણ white
બોલોને વાલમ, Am I right?
ચહેરા પર કરચલીઓ પડી છે ligh
ચાલને મેક અપ કરાવીને થઈએ bright
પ્રેમ આપણો તો છે life long
ચાલને સાથે ગુનગુનાવીએ સુંદર love song
તારા શ્વેત કેશી અંબોડે લગાવી દઉં ફૂલ
જો પછી તું લાગે છે કેવી beautiful
છે હજી મનમાં આભને આંબવાની આશ
ભલે ને થયાં ધૂંધળા આપણાં ચશ્માનાં glass
ચોકઠું લગાવી લઈએ આપણા બોખાં mouth માં
ને પછી ફરવા જશું આપણે બેય south માં
પાસે આવ, આમ રહે છે કેમ દૂર- દૂર તું
કહેવું છે હાથ પકડીને મારે તો I love you
ઢળી ગઈ છે ઉંમર એવો ન રાખ તું કોઈ fear
વ્હાલ કરીશ હજી તો અઢળક oh! my dear !!

ડો. રેખા શાહવિભાગ - પદ્ય
(રોમેન્ટિક ગીત )

શીર્ષક - કાંઈ ઘરડા થવાય !

એક ડોસાએ ડોસીને કહ્યું, આઈ લવ યુ
એમાં તો કાંઈ ગામ આખું હિલોળે ચડ્યું.
બની ઠનીને ડોસી રોજ મન્દિરે જાય..
ને ડોસો તો મનમાં ને મનમાં ફુલાય.
ગુંદૂર ગુ.... ડોસીને જોઈ કરે ડોસો,
ને ડોસી પણ થોડું થોડું કંઈ મલકાય !
વહેતો થ્યો વાયરો વંટોળિયા જેમ,
પછી ગામ પાદરથી સીમાડે જઈ પૂગ્યો.
પાર થયો આંખોની ઝાંખપથી ડોસો,
જઈને ડોસીના સપનામાં કાંઈ ઊગ્યો.
ગામને મોઢે કાંઈ ગળણું બન્ધાય?
લોક કહે કેવું આતો ધોળામાં ધૂળ !
પ.. ણ.. મનથી કાંઈ ઘરડા થવાય?
એક ડોસાએ
ડોસીને...............

વર્ષા જાની
ભાવનગર

દિલનાં સિકંદર

ઢળી વય છતાંયે એ લાગે છે સુંદર,
અમારાં પ્રણયમાં ફરક ના તસુભર.
પ્રણયની નદીમાં છલોછલ ભીંજાયા,
હવે ધીર ગંભીર લાગો સમુંદર.
સદાયે બનાવી મને દિલની રાણી,
હજુ આપ મારા છો દિલનાં સિકંદર.
ભલે છે જણાતી ઢળી વય અમારી,
હજુ ક્યાં ભૂલ્યા સૌ જવાનીના અવસર.
કહે, હાથ રાખીને દિલ પર જવાની!
તને પ્રીત મારી કરે છે નિરુત્તર!!

અંજના ગાંધી "મૌનું"
વડોદરા

શીર્ષક - જવાન બૂઢાપો

પ્રેમને ક્યાં હોય બૂઢાપો?
ભાવને ક્યાં હોય બૂઢાપો?
આપસી સમજણ ઘરે મનમાં
ચાહને ક્યાં હોય બૂઢાપો?
હોય છે તનને કરચલીઓ
પ્રીતને ક્યાં હોય છે બૂઢાપો?
હાસ્ય આજે પણ હરે છે મન
મીતને ક્યાં હોય છે બૂઢાપો?
એ નિહાળે બાણ લાગે છે
આંખને ક્યાં હોય છે બૂઢાપો?
વાત ઈશારે કરે એવી
શબ્દને ક્યાં હોય છે બૂઢાપો?
દર્દ ઓળંગી ગયાં રસ્તા
હામને ક્યાં હોય છે બૂઢાપો?

દેવીબેન વ્યાસ-વસુધા-સુરેન્દ્રનગર

# બકાનાં ગતકડાં ભાગ ૮ લોકડાઉન ભાગ ૪ ( એ સેડ લવ સ્ટોરી)

લેખક : નિકેતા વ્યાસ-કુંચાલા

મંગળ, બુધ,ગુરૂ, શુક્ર - આજે ઓફીસ ગયે ચાર દિવસ થઈ ગયાં.બકો બધાને મિસ કરતો હતો.એને એમ થયું કે વારાફરતી બધાને ફોન કરું. પણ ઘરમાં બધાને ડિસ્ટર્બ થાય અને વળી બધાના સાંભળતા ખુલાસીને વાતો ના થઈ શકે. એણે વોટ્સપ ખોલ્યું. ઓફિસના ગ્રુપમાં લખ્યું :"અલ્યા ચાર ચાર દા'ડા થી તમને બધાને જોયાં નથી. આજે તો બધા બહુ યાદ આવો છો. શું કરો છો ?"

ઓન ધ સ્પોટ કાજુનો રિપ્લે મળ્યો."લાઈફ ઈઝ સો બોરીંગ.એવરી બડી ઈઝ થીંકીંગ ધેટ આઈ એમ સર્વિસ પ્રોવાઈડર ઓન્લી. આફ્ટર ધેટ નો વન ઈઝ ટેકિંગ કેર ફોર મી... સવાર થી રાત સુધી ઘરનું બધું કામ, રસોઈ, વ્યવસ્થા કર્યા પછી ય મેં ખાધું કે નહીં ?મને શું ગમશે ? મને નોટિસ કરવાવાળું ય કોઈ નહીં.??"

"ડોન્ટ બી અપ સેટ. ટેક ઈટ ઈઝી. એ લોકોને કાન પકડીને સમજાવને."બકાએ લખ્યું.

"હું ચારે જણાની જુદી જુદી રસોઈ કરું. બધાને મનગમતી. પણ મારે ઉપવાસ હોય તો મેં ફરાળ કર્યું કે નહીં ?એવું કોઈ ધ્યાન ના રાખે.??"

"હવે હું તને રોજ મેસેજ કરીને પૂછીશ ,જમી કે નહીં ? તને બીપીનો પ્રોબ્લેમ છે.તારે ખાસ સમયસર જમી લેવાનું. તારા માટે ! "બકાએ લખ્યું.

" આવું મારા ફેમિલીમાંથી કોઈને કેમ યાદ નથી રહેતું ?એ વાત મને ચચરે છે."કાજુએ વેદના ઠાલવી. ત્યાં તો પમપમે વાસણ ધોતો સેલ્ફી મોકલ્યો. સાથે લખ્યું હતું "અરે મારે ઘરમાં બધું કામ કરાવવું પડે છે. જુઓ મારા હાલ."

"વેરી ગુડ બેન. સાસરે તકલીફ નહીં પડે. હમમમ... કેટલું બે કિલો વજન વધ્યું ખરું ?" બકાએ રીએક્ટ કર્યું.

"ઓ માય ગોડ... હાઉ ડુ યુ નો ધેટ ?ઈટ્સ સિક્રેટ...!!!??"

"સિમ્પલ ડિયર ,મમ્મીના રાજમાં બિસ્કિટના બદલે ઘીવાળી રોટલી ખાય ; તો યે તો હોના હી થા..."કાજુએ ચાર પાંચ ઈમોજી સાથે લખ્યું.

'પમપમ ટેનશન ના લે. થોડું શરીર હોવું જોઈએ. તું વધારે પડતી પાતળી નહીં લાગે. અને એવું હોય તો તું જીમીંગ કરજે. નાઉ રિલેક્સ."બકાએ ધરપત આપી. ત્યાં તો અમ્મુ પ્રગટ થયો. "હાય ગાઈઝ... હું ગોધરા પહોંચી ગયો છું. અહીં બધા મઝામાં છીએ."

"અલ્યા તારી ફિયાનસીને મળ્યો કે નહીં ?" બકાએ આંખ મારતું ઈમોજી સાથે પોસ્ટ કર્યું.

"અરે એને મળવાની તો બહુ ઈચ્છા છે. પણ એક તો એનું ઘર દૂર અને બીજું એકવાર ભાઈબંધ ને લઈને નીકળ્યો ય... એને ફોન કરેલો કે તું આ જગ્યાએ આવજે. શાક લેવા જવાના બહાને..."

" હમમમ..."પમપમ

"જલ્દી બોલ પછી શું થયું ?સ્ટોપ ના થા." કાજુ.

"થાય શું ? દસેક મિનિટનો રસ્તો કાપ્યો ત્યાં સીઆરપીએફ ની ગાડી ઉભેલી. બરાબરના ધોઈ નાંખ્યા. બાઈકની હવા કાઢી નાખી. કઈ હાંભળે જ નૈ કે...!"

"અરેરેરે...સેડ લવ સ્ટોરી..."બકાએ લખ્યું.

"મને તો માર પડ્યો તો પડ્યો... પણ પેલી એની બેનપણી ને જોડે લઈને ત્યાં પહોંચી ગયેલી. પોલીસે ભગાડી તોય જાય ને પાછી આવે ..બે ત્રણ વાર આવું કર્યું તે એનેય બેય ને બચારી ન હો હો ઉઠબેસ કરાઈ..."

"ઓત્તોરી...ધીસ ઈઝ ટૂ મચ."પમપમ ભડકી.

"નોટ ટુ મચ પમપમ ,થ્રી મચ ફોર મચ ફાઈવ મચ....... થાઉઝન્ડ મચ યાર."અમ્મુ એ દુઃખ વ્યક્ત કર્યું.

"બોસના શું સમાચાર છે ?"એમ મેસેજ ટાઈપ કરીને બકાએ બોસને મિસકોલ કર્યો. મિસકોલ જોવે એટલે તરત વોટ્સપ મેસેજ ચેક કરી લેવો, આ એક સિગ્નલ હતું.

બોસ તરત ઓનલાઈન થયાં."બધા મઝામાં ને. હું પણ તમને બધાને મિસ કરું છું."

"તમે લેપટોપ લઈને બેસી ના રહેતાં નહિતર ઘરમાં ઝગડાં થશે."બોસે એમનો અને પત્નીનો ટીવીમાં સમાચાર જોતો ફોટો શેર કર્યો. બન્ને બાળકો રમતાં દેખાયાં. પછી બોસે લખ્યું :"મને બે બાળકોની પોલિસી સ્વીકારવા બદલ ગર્વ થાય છે. બાળકો એકબીજાની કંપનીમાં રહે છે. અને અમે પતિપત્ની એકબીજાને કંપની આપીએ છીએ. જ્યારે મારા જે મિત્રોએ એક બાળકની પોલીસી અપનાવી છે, એમણે ફરજીયાત બાળકને એટેન્ડ કરવું પડે છે. પરિણામે પતિ પત્ની વચ્ચે તણાવ રહે છે.એમાંના કેટલાક તો વેકેશન પડે કે ફરજિયાત પોતાના ભાઈ કે બહેનના બાળકોને રહેવા બોલાવે છે."

આ નિવેદનને બધાએ તાળીઓથી વધાવ્યું. સિસોટીએ એન્ટ્રી મારી."ભાઈ હું તો ઘરમાં રહીને કંટાળી ગયો છું. કશું મારી મરજીથી નહીં કરવાનું... બધું એને ગમે એમ...!" દુઃખી સિસોટી વાગી.

"એ સિસોટી તું ડોબો છે. તું ઓફિસમાં મેનેજર છે ઘરમાં નહિ. બાયડી સાથે ઓફિસનીરજેમ ઓર્ડરલી વાત કરે તો બાયડી કેટલું સાંભળે ? એક દા'ડા કે બે દા'ડા.પછી વિફરે જ. તું એક કામ કર. તારી બોલવાની સ્ટાઈલ ચેન્જ કરી નાંખ. ને થોડાક ગુરુમંત્રો આ બેનો પાસેથી શીખી લે." બકાએ શિખામણ આપી.

"સૌથી પહેલાં તમારી વાઈફને હસીને ગુડમોરનિગ કે જયશ્રીકૃષ્ણ કહો.આંખોમાં આંખ પરોવીને. ઈટ વર્કસ લાઈક મિરેકલ. જસ્ટ ટ્રાય."પમપમ ટહુકી.

"તમારી વાઈફને દેખાવ વિશે પોઝિટિવ સૂચન આપો. આજે તું સરસ જ લાગે છે. પણ કાલે શેમ્પુ કરીને આમ અંબોડો ના વાળતી.વાળને સેટ કરીને છુટ્ટા જ રાખજે. એમાં તું વધારે હોટ લાગે છે. હું ઘરે છું ત્યાં સુધી આવા ઘસાઈ ગયેલાં ડ્રેસ પહેરવાના બંધ. તારા વોર્ડરોબમાં કેટલા ડ્રેસીસ સડે છે.... રોજ નવો પહેર. કાલે તો જીન્સ ટીશર્ટ જ પહેરજે. સાથે બેસીને કોઈ સારું મુવી જોઈશું."કાજુએ જોરદાર ટિપ્સ આપી.

"બોસ આજના ઈમ્પોર્ટન્ટ અને સેન્સેટિવ વોટ્સપ ટોકમાં વાંદરો અને પંચુની ગેરહાજરીની નોંધ લેવામાં આવે છે. શા માટે એમનો આજનો પગાર ના કાપવો ?"બકાએ સળગતું ઉંબાડીયું મૂક્યું.

પંચુ તરત દેખાયો."એ... એ... એ... યાર હું શાક લેવા ગયેલો. ચાલુ વાહને મોબાઈલ કેવી રીતે થાય ?"

"ઓકે કારણ ગ્રાહ્ય રાખવામાં આવે છે."

"એય સાલાઓ ચૂપ થાવ. આવી બધી ગોસીપો ના કરો. હું વળી મારા બાબા જોડે કેરમ રમતો હતો. ને તમારા બધા મેસેજ મારી બાયડી ક્યારની વાંચી વાંચીને મને બોલ બોલ કરે છે. જો જો તારા ઓફિસવાળા કેવી સારી સારી ટિપ્સ આપે છે... ને તું જો. હજી મારે તો આ વાતો વાંચવાની બાકી જ છે. દેખ લેના એક એક સે ચુન ચુનકર બદલા લૂંગા... યાદ રખના."વાંદરો ઉર્ફે નરેશ ગુસ્સો ઠાલવીને ઓફ લાઈન થઈ ગયો.

ગ્રુપમાં સન્નાટો છવાઈ ગયો. આઈ લા... બફાઈ ગયું.??

થોડીવાર પછી બકાએ મેસેજ મુક્યો."મિત્રો અમદાવાદમાં પડેલા કમોસમી વરસાદે મોસમ રંગીન કરી દીધી છે. ઠંડુ અને રોમેન્ટિક વાતાવરણ છે. બધા મિત્રોને વિનંતી કે મગજ પણ ઠંડુ રાખો.પોતપોતાના લાઈફ પાર્ટનરને અનુકૂળ રહે.

#Happy@kroonavacation"

## શબ્દવાણી તણુ ઝરણુ

મુખ ગંગા થકી વહેતુ રહે
હોય શુધ્ધ પવિત્ર એ ખરે
છે કવિતા હૃદય ઉદ્ ગાર રે
ન લગાવો કરફ્યુ તેના પરે
પ્રસરવા દો ધારા પ્રેમની
ના રોકો લાગણી
લોકડાઉથી
ભરાઈ ગયાં છે હૈયાં સહુનાં
કવિતા રુપે હળવા થાવાના
સ્વ ગૃહે થયા છે સહુ
નજરકેદ
છીએ ઘણા સ્નેહિ સગાથી
દૂર
બંધન કોરોનાનું બન્યા
મજબૂર
વોટ્સએપ દ્વારા લખીહાય
શ્રીરામ
મજા માણીયે કરી સૌના
મુખ દર્શન
"મન"મારુ સહુને મળવા
ચાહે
રુબરુ મળતાં દિલ હર્ષિત
થાયે
કેનેડા ૨૫-૦૪-૨૦૨૦




**Today we completed 31 Days of distribution of Tea, biscuits and food to police man and needy people By Love fro cow Foundation .Hydarabad jasmat Patel.Nanjibha Patel.Anup patel(parmeshwari Sharma, Meghana Jain, Sangeeta Purohit, Bhavik Savadia and Others)**

### ક્યાંથી મળશે એને ન્યાય

# એક તરફ સાસરીયા વાળા ત્રાસ આપે છે બીજી તરફ માવતર જાકારો આપે છે તો આ દીકરી ક્યાં જાય

## ધાનેરા તાલુકા ના બાપલા ગામની યુવતી ના પિતા શું કરવા તૈયાર છે તો બીજી બાજુ સાસરીયા વાળા ત્રાસ આપે છે આ યુવતી એ કર્યા આક્ષેપો



બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના બાપલા ગામની યુવતીના ૧૨ મહિના અગાઉ રાજસ્થાનના મોરવાડામા લગ્ન થયા હતા પરંતુ સાસરીયા દ્વારા યુવતીને માનસિક અને શારીરિક ત્રાસ આપવાનું શરૂ કરતા યુવતિ મુશ્કેલીમાં મુકાઈ છે અત્યારે તો યુવતીના મિત્રોના ઘરે રહેછે તો બીજી તરફ આ યુવતીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે મારા પરિવારજનોએ મને ધાક-ધમકી આપી આ જગ્યાએ લગ્ન કરાવ્યા અને અત્યારે મારા સાસરિયા પક્ષના લોકો મારી સાથે ખૂબ જ ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરી રહ્યા છે અને દરેક વસ્તુમાં તેની સાથે બળજબરી કરી રહ્યા છે ત્યારે આ યુવતી પોતાનું સાસરૂ છોડી ને ધાનેરા તાલુકાના એક ગામમાં પોતાના મિત્રોને ત્યાં રહેવા માંગે છે .હવે જોવાનું એ રહયુ કે તેને સાચો ન્યાય મળેછે કે કેમ

રિપોર્ટર ઈમરાનખાન મોગલ

વી.ઓ- ધાનેરા તાલુકાના બાપલા ગામની દિકરી જે રેખાબેન મફાભાઈ ચૌધરી ના લગ્નન જબરજસ્તી તેના માતાપિતા એ રાજસ્થાનના મોરવાડામા લગ્નન કરવામાં આવ્યા હતા દિકરી પિયરમાં મળવા આવે ત્યારે તેના માતાપિતા દિકરી ને મારઝુડ કરીને સાસરે મુકવામાં આવે જયારે સાસરીયા વાળાઓ રેખાબેન માનસિક અને શારીરિક ત્રાસ આપતા રેખાબેન પોતાના સાસરીયા થી કંટાળીને ચાલતા પોતાની બેનપણી જોડેઆવી છે જયારે હવે મોટો સવાલ ઊભો થાય છે કે દીકરીનું ઘર કયુંપપ.?

આવો કયો ન્યાય છે

### યુવા આંદોલનકારી પ્રવીણભાઈ રામની સંઘર્ષ ગાથા

# ૨૭ એપ્રિલે સવારે ૧૦ વાગે એડ લાંચર યુ ટ્યુબ ચેનલ ઉપર થશે પ્રસ્તુત :- દિનેશ ચાવડા



બાયોગ્રાફી ૨૭ એપ્રિલના રોજ સવારે ૧૦ વાગે એડ લાંચર યુ ટ્યુબ ચેનલ પર પ્રસ્તુત થવાની છે ત્યારે પ્રખ્યાત હાસ્ય કલાકાર માયાભાઈ આહિર, પ્રખ્યાત સાહિત્યકાર રાજભા ગઢવી,લોકગાયક મીરાબેન આહિર,હેરી નકુમ,શંકર આહિર, ભાવેશ રામ, અર્જુન આહિર, બાબુભાઈ આહિર, સુરેશભાઈ મારું,હીનાબેન આહિર, ભુમી બેન આહિર, ચંદ્રિકાબેન આહિર,સુભાષભાઈ ઝલું,નેહલ આહિર, ભાવિક દાન ગઢવી, રામદે ગઢવી,રાજાભાઈ ગઢવી અને પ્રવિણાબેન આહિર જેવા અનેક કલાકારો દ્વારા પ્રવીણભાઇ રામની આ સંઘર્ષ ગાથા ને નિહાળવા માટે અપીલ કરવામાં આવી . તેમજ વધુમાં દિનેશભાઈ ચાવડા દ્વારા જણાવવામાં આવ્યું કે પ્રવીણભાઇ રામની આ બાયોગ્રાફી એટલા માટે બનાવવાનો પ્રયાશ કર્યો કે આવી પ્રતિભાઓની બાયોગ્રાફીના કારણે અનેક યુવાનોને પ્રેરણા મળી રહે તેમજ આ બાયોગ્રાફી મોટીવેશનલ સ્પીકર અશોકભાઈ ગુજ્જરના અવાજમાં બનાવવામાં આવી છે તેમજ દ્વારા રાજ સ્ટુડિયો ભોગાતના રાજ આહિર તેમજ સંદીપ રામ દ્વારા પણ આ બાયોગ્રાફી બનાવવામાં મદદ કરવામાં આવી છે ત્યારે દિનેશભાઈ ચાવડા દ્વારા આ તમામ મિત્રોનો આભાર માનવામાં આવ્યો

માયાભાઈ આહિર, રાજભા ગઢવી ,મીરાબેન આહિર, શંકરભાઈ આહિર,ભાવેશ રામ તેમજ અર્જુન આહિર જેવા કલાકારોએ પણ આ સંઘર્ષ ગાથા ને નિહાળવા માટે કરી અપીલ. જ્યારે જ્યારે જનતાને અન્યાયો થતાં હોઈ ત્યારે ત્યારે આંદોલનોના મંડાણ થતાં હોઈ અને ગુજરાતની અંદર તમામ સમાજના હિત માટેના આંદોલનની સર્ચાઓ આવે તેમજ પરિણામલક્ષી આંદોલનની સર્ચાઓ આવે ત્યારે યુવા પ્રતિભા એવા પ્રવીણભાઇ રામનો ચહેરો સામે આવે,પ્રવીણભાઇ રામનો જન્મ ગીર સોમનાથ જિલ્લાના એક નાનકડા ઘુંસિયાં ગામના એક સામાન્ય ખેડૂત પરિવાર થયો અને એક સામાન્ય ખેડૂત પરિવારમાંથી જન્મ લઈને કોઈ પણ જાતના રાજકીય બેકગ્રાઉન્ડ વિના ૮ વર્ષ સુધી સતત સંઘર્ષ કરી અનેક આંદોલનોને સફળતાપૂર્વક પાર પડી લાખો લોકોને ફાયદો કરાવ્યો એ પછી લોકોના સ્વાસ્થ્ય માટેનું તેમજ મેડિકલ સ્ટોર માટેનું આંદોલન હોઈ , ફિક્સ પગાર નુ આંદોલન હોઈ , રિલાયન્સ કંપની સામેનું આંદોલન હોઈ, ખેડૂતો માટે ઈકોઝોન નું આંદોલન હોઈ કે પછી બેરોજગાર યુવાનો માટેનું આંદોલન હોઈ આ તમામ આંદોલનોમાં અનેક સંઘર્ષો આવ્યા હશે ત્યારે એક સામાન્ય પરિવારમાંથી જન્મ લઈ અને આ મુકામ સુધી કઈ રીતે પહોંચ્યા?? તેમજ આ મુકામમાં આવેલા તમામ સંઘર્ષોનું વર્ણન કરતી બાયોગ્રાફી દ્વારકા જિલ્લાના દિનેશભાઈ ચાવડા દ્વારા બનાવવામાં આવી છે અને યુવાનોને પ્રેરણા આપતી આ

### કરો-ના દાન

# ગુજરાતી સોસાયટી ઑફ નોર્થ અમેરિકા આયોજીત યુ ટ્યુબ અને ટીવી એશિયા ઉપર ગુજરાતી ભજન- ગીત - સંગીત નો મહોત્સવ

આગામી રવિવાર તા.૩ જી મે ૨૦૨૦ ના રોજ ટીવી એશિયા અને યુ ટ્યુબ ઉપર 8;00 Pm ET- 5-00 PM કલાકે ભજન-ગીત સંગીત નો નોન સ્ટોપ કરો-ના દાન નો પોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ છે.... આ પોગ્રામના દાન ની રકમ ૧૦૦% કરો-ના દાન ચેરીટી માં ઉપયોગ કરવામાં આવશે..... આ પોગ્રામ ના મુખ્ય કલાકારો ;- ઓસ્માન મીર, સાંઈરામ દવે, ગીતા રબારી, કાઝલ ઓઝા-વૈધ,કિર્તીદાન ગઢવી, અતુલ પુરોહિત,કૈરવી બુચ મુખ્ય રહેશે. આ પોગ્રામના મુખ્ય આયોજક પ્રમોદ મિસ્ત્રી અને અમિત પાઠક છે. ડોનેશન ની વિગત માટે હેમા ચૌહાણ અને અધિર શાહ ( ૭૧૪ ૨૧૩ ૩૨૮૫ ) ઉપર સંપર્ક કરવો...તેમજ વધુ માહિતી માટે પ્રમોદ મિસ્ત્રી ( ૨૧૩ ૬૧૦ ૫૮૨૪ ) અને અમિત પાઠક ( ૯૧૭ ૬૬૦ ૯૯૬૦ ) ઉપર સંપર્ક કરવા વિનંતી.... ( માહિતી ;- હર્ષદ શાહ અને નટુ પટેલ )

# રાજ્યમાં તમામ જિલ્લાઓમાં રવિવાર તા. ૨૬ એપ્રિલથી મોલ-માર્કેટીંગ કોમ્પલેક્ષ સિવાય દુકાનો-ધંધા વ્યવસાયો શરૂ કરવા દેવાશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના નાના-મોટા દુકાન ધારકો, ધંધા વ્યવસાયકારો માટે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

ભારત સરકારના ગૃહ મંત્રાલયના જાહેરનામાના અનુસંધાને મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં આ નિર્ણયની જાહેરાત કરી છે.

આ મહત્વપૂર્ણ નિર્ણય અનુસાર રાજયના તમામ જિલ્લાઓમાં આવતીકાલ, રવિવાર તા. ૨૬ એપ્રિલથી મોલ તેમજ માર્કેટીંગ કોમ્પલેક્ષ સિવાય તમામ દુકાનોને પોતાના ધંધા વ્યવસાય કરવા માટે છૂટ આપવામાં આવશે. આવી છૂટછાટ નિયમો અને શરતોને આધિન આપવામાં આવી છે.

તદ્અનુસાર, જે દુકાનો-ધંધા વ્યવસાયને વ્યવસાય માટે છૂટ આપવામાં આવી છે તે વિસ્તાર કન્ટેનમેન્ટ વિસ્તારની બહાર હોવો જોઈશે.

એટલું જ નહિ, દુકાન-ધંધા વ્યવસાયના નિયમિત સ્ટાફના ૫૦ ટકા સ્ટાફ રાખવાનો રહેશે તેમજ માસ્ક પહેરવાનું અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવાનું પણ ફરજિયાત પાલન દુકાન-ધંધા વ્યવસાયકારોએ કરવાનું રહેશે

મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે આ નિર્ણયની વધુ વિગતો આપી હતી.

તેમણે કહ્યું કે રાજ્ય સરકારે એવો પણ નિર્ણય કર્યો છે કે રાજ્યમાં હેર કટીંગ સલૂન-બાર્બર શોપ તેમજ પાન-ગુટકા-સીગારેટનું વેચાણ કરતી દુકાનો અને ટી-સ્ટોલ તથા રેસ્ટોરન્ટ અને હોટલ્સ ચાલુ રાખી શકાશે નહીં.

શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ-ગુમાસ્તા ધારા હેઠળ નોંધાયેલી અન્ય દુકાનો અને ધંધા વ્યવસાયો ચાલુ કરી શકાશે.

રાજ્યમાં જે-તે સ્થાનિક સત્તામંડળે જાહેર કરેલા કન્ટેનમેન્ટ વિસ્તારો માન્ય ગણાશે તેવું પણ ઠરાવવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવે સ્પષ્ટપણે જણાવ્યું કે, દુકાન ધારકો-વ્યવસાયકારોએ પોતાના ધંધા વ્યવસાય શરૂ કરવા માટે કોઇ વધારાનું પ્રમાણપત્ર લેવા જવાનું રહેશે નહિ. ગુમાસ્તા ધારા હેઠળ મેળવેલું લાયસન્સ તેમજ ઓળખના પૂરાવાને માન્ય ગણવામાં આવશે અને તેના આધારે વ્યવસાય-દુકાન શરૂ કરી શકાશે.

મુખ્યમંત્રીશ્રીએ આ ઉપરાંત એવો પણ નિર્ણય કર્યો છે કે , તેમજ ઈજી ઈન્ડસ્ટ્રીઝમાં પણ ૫૦ ટકા સ્ટાફ કામકાજ માટે રાખવાની શરતે અને જો આવી ઈન્ડસ્ટ્રી કન્ટેનમેન્ટ ઝોન બહારના વિસ્તારમાં હોય તો તેવી ઈન્ડસ્ટ્રીઝને પણ મંજૂરી આપવામાં આવશે, તેની વિગતો પણ મુખ્યમંત્રીશ્રીના સચિવે આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતીમાં રાજયની બજાર સમિતિઓ માટે પણ એક અગત્યનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીના સચિવે ઉમેર્યુ કે, લોકડાઉનની સ્થિતીમાં જે બજાર સમિતિઓની વ્યવસ્થાપન કમિટીની મુદત પૂર્ણ થઇ ગઇ છે તેવી તથા જે બજાર સમીતિઓની મુદત તા.૩૧ જુલાઇ-૨૦૨૦ સુધીમાં પૂર્ણ થનારી છે તેવી બજાર સમિતિઓની મુદત તા.૩૧ જુલાઇ સુધી લંબાવી દેવામાં આવી છે.

શ્રી અશ્વિનીકુમારે એમ પણ જણાવ્યું કે, રાજયમાં જે બજાર સમિતિઓની વ્યવસ્થાપન સમિતીની ચૂંટણી કોર્ટના આદેશને આધિન યોજવાની થતી હોય તો તે કરી શકાશે. અન્યથા સામાન્ય સંજોગોમાં અન્ય મંડળીઓ-સમિતીઓની વ્યવસ્થાપન સમિતીની મુદત તા.૩૧ જુલાઇ-૨૦૨૦ સુધી વધારી દેવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવે જણાવ્યું કે, અંત્યોદય અને PHHના NFSA અન્વયે અનાજ મેળવતા ૬૬ લાખ પરિવારોને વિનામૂલ્યે ૩.૫૦ કિલો ઘઉં અને ૧.૫૦ કિલો ચોખા વધારાના આપવાનો પ્રારંભ થયો છે.

અત્યાર સુધીમાં ૪.૫ લાખ પરિવારો આ અનાજ વિતરણનો લાભ લઇ ચૂકયા છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

શ્રી અશ્વિનીકુમારે રાજયના માર્કેટયાર્ડમાં ખેત ઉત્પાદનોની વેચાણ માટે થયેલી આવકની વિગતો આપતાં જણાવ્યું કે, ૫ લાખ ૫૯ હજાર કવીન્ટલ ખેત ઉત્પાદનો વેચાણ માટે આવ્યા છે તેમાં ૨ લાખ ૯૯ હજાર કવીન્ટલ ઘઉં, ૧ લાખ ૫૫ હજાર કવીન્ટલ એરંડા અને ૩૦૬૫૮ કવીન્ટલ રાયડો મુખ્યત્વે છે. રાજયમાં લોકડાઉનના બત્રીસમાં દિવસે ૪૮.૮૦ લાખ લીટર દૂધનું વિતરણ થયું છે તેમજ ૧ લાખ ૧૪ હજાર ૯૫૭ કવીન્ટલ શાકભાજી અને ૫૦૫૪ કવીન્ટલ ફળોનો આવરો થયો છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

# ટીસ્કી ગ્રુપ ગ્રામ પંચાયત ના વિસ્તાર ધરાવતા મઠવાસ ગામમાં ગંદકી નું સામ્રાજ્ય

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના મઠવાસ ગામમાં ગંદકી કરી રહ્યા છે તો રજુઆત કરવા છતાં આંખ આડા કાન કરી રહ્યા છે તલાટી શ્રી ને છેલ્લા છ માસ અગાઉ અરજી કરેલ તો તલાટી ,સરપંચ ને મળો ટીસ્કી ગ્રુપ ગ્રામ પંચાયત ના સરપંચ મહિલા છે તમના પતિએ જવાબ આપેલ કે તારે જ થાય તે કરી લે તેવો જવાબ પંચાયત ઘર પર બેસીને તલાટી શ્રી ની રુબરુ ઉશ્કેર્યા અને તલાટી શ્રી ને ગેરમાર્ગે દોરી જણાવ્યું હતું કે મઠવાસ ગામમાં મિટિંગ કરી હવે ગંદકી નહિ કરે તેવું જણાવ્યું તલાટી શ્રી એ શોષ ખાડો કરવા માટે જણાવ્યું હતું પણ સરપંચ શ્રી ના પતિએ હું જ સરપંચ છું તેવો રુઆબ બતાવી રહ્યા છે તો આ બાબતે તાલુકા વિકાસ અધિકારી તપાસ કરાવશે ખરા?

# અરવલ્લી જિલ્લામાં જપ્ત કરાયેલા ૫૨૨ વાહનો પૈકી ૪૯૬ વાહનો મુક્ત કરાયા

કોરોના વાયરસના સંક્રમણને ફેલાતો અટકાવવા તેમજ લોકડાઉનના ચુ?સ્ત અમલ માટે અરવલ્લી પોલીસ અધિક્ષકશ્રી મયુર પાટીલના માર્ગદર્શન અનુસાર પોલીસ તંત્ર અરવલ્લી જિલ્લાની પરિસ્થિતિ પર બાજ નજર રાખી વ્યાપક કામગીરી કરી રહ્યું છે. અરવલ્લી જિલ્લામાં ગત ૨૩ માર્ચથી અમલી કરાયેલા લોકડાઉન ચુસ્ત અમલ દરમિયાન પણ કેટલાક વાહન ચાલકો બિનજરૂરી બહાના રજૂ કરી બજારમાં ફરતા હતા જેમની સામે પોલીસતંત્રએ લાલ આંખ કરી આવા વાહનચાલકો સામે કડક હાથે કાર્યવાહિ હાથ ધરી વાહનો જપ્ત કર્યા હતો જે અન્વયે અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી ૫૨૨ વાહનો જપ્ત કરવામાં આવ્યા હતા. તેમાંથી ૪૯૬ વાહનચાલકોએ પોતાના વાહનો મુક્ત કરાવ્યા છે. જયારે હવે માત્ર ૨૬ વાહનો જ પોલીસના કબ્જા હેઠળ

# અરવલ્લી જિલ્લામાં પ્રથમ દિવસે ૧૫,૭૩૨ કાર્ડધારકોને અનાજ વિતરણ કરાયું

સમગ્ર રાજયમાં તા.૨૫ એપ્રિલ-૨૦૨૦થી એપીએલ, બીપીએલ અને અંત્યોદય રાશન કાર્ડધારકોને વિનામૂલ્યે રાશન કીટનું વિતરણ શરૂ કરાયું છે.

કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અંતર્ગત પાત્રતા ધરાવતા એપીએલના ૪૪,૨૩૮ ,અંત્યોદયના ૨૦,૦૪૯ તેમજ બી.પી.એલના ૬૩૯૪ મળી કુલ ૧,૪૯,૫૮૦ કાર્ડધારકોને એપ્રિલ-૨૦૨૦ માસમાં વ્યક્તિદિઠ ૩.૫૦ કિલો ઘંઉ અને ૧.૫૦ ચોખા "વિનામુલ્યે" વિતરણ કરવાની હાથ ધરાયેલ અનાજ વિતરણ વ્યવસ્થાના પ્રથમ દિવસે અરવલ્લી જિલ્લાની ૩૯૬ વ્યાજબી ભાવની દુકાન પરથી ૧૫,૭૩૨ કાર્ડધારકોને લાભ આપવામાં આવ્યો હતો. જેમાં મોડાસના ૩૧૨૮, મેઘરજના ૪૩૪૭, માલપુરના ૧૮૦૮, ભિલોડાના ૩૫૮૯, બાયડના ૯૪૨, ધનસુરાના ૧૯૧૮ મળી કુલ ૧૫,૭૩૨ કાર્ડધારકોને લાભ આપવામાં આવ્યો હતો.




# ખેડબ્રહ્મા મા પરશુરામ જયંતિની અનોખી ઉજવણી,ભુદેવોએ બ્લડ ડોનેટ કરી ઉજવણી

કમલેશ રાવલ ખેડબ્રહ્મા દ્વારા

ખેડબ્રહ્મા મા પરશુરામ જયંતિ નિમિતે ખેડબ્રહ્મા ના ભુદેવ પરિવારો તરફ થી અનોખી ઉજવણી કરવામા આવી છે બ્રહ્મ સમાજ ખેડબ્રહ્મા વતી થી આજે પરશુરામ જયંતિ નિમિતે ભુદેવ પરિવારો ને ઘરે જ પરશુરામ દાદા ની આરતી કરવાની અને પોત પોતાના ધરે રાતે દિવડા પ્રગટાવીને અને ઘર પર ધજા ભરાવી અનોખી ઉજવણી કરવામા આવી હતી .



અને બીજી તરફ ભુદેવોએ ના ધરે ધરે જઈને ઈડર થી ત્રિમૂર્તિ ગ્રુપ ધ્વારા દરેક ના ધરે જઈને બ્લડ લેવાનુ શરુ કરેલ હતુ અંદાજે ૨૦ થી ૨૫ બોટલ બ્લડ ભેગુ કરવામા આવ્યુ હતુ ...વોર્ડ નંબર ૩ના ભાજપ ના કોર્પોરેટર અને ખેડબ્રહ્મા નગરપાલિકા ના પાણી પુરવઠા ચેરમેન નિકુંજ રાવલ પોતાના ધરે બ્લડ ડોનેટ કરીયુ હતુ ..

વધુ આજ રોજ પરશુરામદાદા ની જન્મ જયંતિ નિમિતે ખેડબ્રહ્મા માં બ્રહ્મ સમાજ દ્વારા વૈશ્વિક મહામરી ના લીધે કોરોના વાઈરસ ના લીધે સરકાર ના નિયમ અનુસાર સોસીયલ ડિસ્ટન્સ ને જાળવીને ડૉર ટુ ડૉર રક્ત દાન નું આયોજન કરવા માં આવેલ છે

જેમા ભાજપ ના જીલ્લા મહામંત્રી અશોકભાઈ જોષી તથા બ્રહ્મ સમાજ અંકુર જાની મુકેશ પ્રજાપતી પ્રશાંત ત્રિવેદી હાજર રહ્યા હતા અને લોકો ના ધરે ધરે જઈ પરશુરામ જયંતિ ની ઉજવણી કરવામા આવી હતી

### પ્રદેશ અધ્યક્ષ શ્રી અમિત ચાવડા દ્વારા

# રિપબ્લિક ટીવીના સંપાદક અર્ણબ ગોસ્વામી વિરુદ્ધ સોનિયા ગાંધી વિરુધ્ધ નિવેદનો કરવા બદલ ફરિયાદ

અમદાવાદ

૨૩ એપ્રિલ, ૨૦૨૦,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા રિપબ્લિક ઇન્ડિયા ટીવીના સંપાદક અર્ણબ ગોસ્વામી વિરુદ્ધ અમદાવાદમાં એફઆઈઆર નોંધાવી છે. તે જ રીતે, ગુજરાતના દરેક જિલ્લા મથકે પણ અહેવાલો દાખલ કરવામાં આવ્યા છે.




મહારાષ્ટ્રના પાલઘર જીલ્લામાં ૨ સાધુઓની હત્યાના કેસમાં ગોસ્વામીએ તેમની ટીવી ચેનલના કાર્યક્રમમાં દેશની જનતાને ગેરમાર્ગે દોર્યાની ફરિયાદમાં આરોપ મૂક્યો છે. મુખ્ય આરોપમાં તે ધર્મ, જાતિ, જન્મ સ્થળ, રહેવાની ભાષાના આધારે નફરત ફેલાવવી છે. અર્ણબ પર આઈપીસીની વિવિધ કલમ હેઠળ કેસ નોંધવા માટે અરજ કરાઈ છે. સોનિયા ગાંધી ના નામથી પાલઘર લિંચિંગ કેસમાં ગોસ્વામીએ કેટલીક ટિપ્પણી કરી હતી, જેના પર કોંગ્રેસે વાંધો ઉઠાવ્યો હતો.

આ કોમી હિંસા ભડકાવવાનો પ્રયાસ છે, તેથી શિક્ષાત્મક ગુનો છેઃ અમીત ચાવડા

ગુજરાત કોંગ્રેસ અધ્યક્ષ અમીત ચાવડાએ ટ્વીટ કરતા જણાવ્યું હતું કે ×પત્રકારીકા ઉપર કલંકરૂપ અર્ણબ ગોસ્વામીએ મર્યાદાઓ ઓળંગીને કોંગ્રેસ અધ્યક્ષા ઉપર ટિપ્પણી કરીને તેની ગંદી માનસિકતાનું ઉદાહરણ દર્શાવેલ છે.મીડિયાની આડમાં પર વિપક્ષ નેતાઓને બદનામ કરવાનો એજન્ડા ક્યારેય સહન નહિ કરવામાં આવે.×

રિપબ્લિકની અનિયંત્રિત વાહિયાત અને આર.ભારત ટીવીના સંપાદક અર્ણવ ગોસ્વામીનો સાંપ્રદાયિક હિંસા ભડકાવવાનો પ્રયાસ છે. ન તો ભાષાનું ગૌરવ જાળવવામાં આવે છે કે ન તો કોઈના ગૌરવનું ધ્યાન રાખવામાં આવે છે.

સોશિયલ મીડિયા કોડ'નેટર હેમાંગ રાવલ દ્વારા કરવામાં આવેલી આ ફરિયાદમાં આ એક ઓળખી શકાય તેવો અને શિક્ષાપાત્ર ગુનો છે

લિગલ સેલનાં અધ્યક્ષ શ્રી યોગેશભાઈ રવાણીના કાયદાકીય સલાહ-સુચનથી આ ફરિયાદ કરવા પ્રદેશ અગ્રણી લાખાભાઈ રબારી અને એડવોકેટ શ્રી મનીષા પરીખ પણ હાજર રહેલ.

એડિટર્સ ગિલ્ડ અને ન્યૂઝ બ્રોડકાસ્ટર એસોસિએશન દ્વારા પણ એડિટર અને ચેનલ સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે અને આશા છે કે ચેનલના માલિક દ્વારા અર્ણબને રાજીનામું આપવાનું કહેવામાં આવશે

આજ રોજ ઉપરોક્ત ફરિયાદ સમગ્ર ગુજરાતના જિલ્લા મથકોએ પણ બહોળા પ્રમાણમાં કરીને સમાજમાં વૈમનસ્ય ફેલાવનાર ગુનાહિત તત્વો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવા અરજ કરવામાં આવે છે.

સોશિયલ મીડિયામાં #arrestarnabgoswami ટ્રેન્ડ દ્વારા ૧ લાખ ૪૦ હઝાર થી વધુ ટ્વિટ કરીને દેશના ટ્વિટર ઉપયોગકર્તાએ પણ અર્ણવ ગોસ્વામીને અરીસો બતાવ્યો હતો..હેમાંગ રાવલ..

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.